

# પ્રાચીન સ્તવનાવલી

# ૨૦

## શ્રી મુનિસુવ્રત સ્વામી





## નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧

સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨

જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩

અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪

નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૨૦

## શ્રી મુનિસુવ્રતસ્વામી

**: પ્રાપ્તિ સ્થાન :**


શ્રી હસમુખભાઈ ચુડગર

૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,

અમદાવાદ-૩૮૦૦૦૯



પ્રત : ૧૦૦૦ મુલ્ય : શ્રદ્ધા ભક્તિ

# કિંચિદ્ કથન

પરમાત્મભક્તિ એ આત્માને પરમાત્મા સાથે એકાકાર થવાનું અમોઘ સાધન છે... માણસ એકલો એકલો બોલે તો કોઈક ગાંડો ગણે પણ જો એકલો એકલો ગાતો હોય તો મસ્તીમાં મસ્ત કહેવાય... શાસ્ત્રીય રાગ અને પ્રાચીનકૃતિઓ બે વસ્તુનો મેળાપ ભક્તને પરમાત્મભક્તિમાં રસતરબોળ કરી દે છે... "ભક્તિરસઝરણા" પુસ્તકમાંથી જુદા જુદા પૂર્વ પૂજયોના સ્તવનોનો સંગ્રહ શ્રી સંઘના સદુપયોગ અર્થે, પરમાત્મભક્તિ માટે પ્રકાશિત કરતાં અનેરો આનંદ અનુભવું છું આ નિમિત્તે પરમાત્મા મારા હૃદયમાં વસે અને પરભવમાં મને વહેલા મળે...

પં.નંદીભૂષણવિજયજી મ.

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| મુનિસુવ્રત જિન વીશમા | શ્રી પદ્મવિજયજી | ૧ |
| મુનિસુવ્રત અપરાજિતથી | શ્રી વીરવિજયજી | ૧ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| મુનિસુવ્રત મન મોહ્યું મારૂં | શ્રી ઉદયરત્નજી | ૨ |
| મુનિસુવ્રત - જિનરાય | શ્રી આનંદઘનજી | ૩ |
| મુનિસુવ્રત-જિન વંદતાં | શ્રી યશોવિજયજી | ૪ |
| આજ સફળ દિન મુજ | શ્રી યશોવિજયજી | ૫ |
| પદ્માદેવી-નંદન ગુણનીલો | શ્રી યશોવિજયજી | ૫ |
| હાંરે મુજ પ્રાણધાર તું | શ્રી ભાણવિજયજી | ૬ |
| સુણ ! પંજરકે પંખીયારે | શ્રી આણંદવર્ધનજી | ૭ |
| જીવનો જીવન માહરો | શ્રી લક્ષ્મીવિમલજી | ૮ |
| મુનિસુવ્રત કીજે મયા[૧] રે | શ્રી માનવિજયજી | ૯ |
| શ્રી મુનિસુવ્રત જિન વીશમા | શ્રી જ્ઞાનવિમલસૂરિ | ૧૦ |
| શ્રી મુનિસુવ્રતનાથ ગુણી | શ્રી ભાવવિજયજી | ૧૧ |
| મન-મધુકર ! સુણ વાતડી | શ્રી વિનયવિજયજી | ૧૨ |
| સુંદર મુખકી શોભા | શ્રી હરખચંદજી | ૧૩ |
| સાહિબ ! શ્રીમુનિસુવ્રતસ્વામી | શ્રી નયવિજયજી | ૧૩ |
| મુનિસુવ્રત-મહારાજ હો ! | શ્રી ઋષભસાગરજી | ૧૪ |
| મુનિસુવ્રત-મહારાજ માહરા | શ્રી ઉદયરત્નજી | ૧૫ |
| મુનિસુવ્રતજિન દેવરે | શ્રી જિનવિજયજી | ૧૬ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| જય જય મુનિસુવ્રત-જગદીશ | શ્રી જિનવિજયજી | ૧૭ |
| ઐન અસાઢો ઉમસ્યોજી | શ્રી હંસરત્નજી | ૧૯ |
| હો ! પ્રભુ ! મુજ પ્યારા | શ્રી મોહનવિજયજી | ૨૧ |
| મુનિસુવ્રત શું મોહની | શ્રી રામવિજયજી | ૨૨ |
| આવો આવો ને સખી ! | શ્રી રામવિજયજી | ૨૩ |
| ગુણ બોલંતાં જો નવિ ભીંજે | શ્રી કાંતિવિજયજી | ૨૪ |
| દિલ ભરી દરિશન પાઉં રે | શ્રી ન્યાયસાગરજી | ૨૫ |
| મુનિસુવ્રત વીશમા, વિસમિયા | શ્રી ન્યાયસાગરજી | ૨૫ |
| મુનિસુવ્રત ! જિન મહેર કરીને | શ્રી પદ્મવિજયજી | ૨૬ |
| પદ્માનંદન વંદન કરીયેં | શ્રી પદ્મવિજયજી | ૨૭ |
| શ્રીમુનિસુવ્રતજિન ગુણનીલો | શ્રી વિજયલક્ષ્મીસૂરિ | ૨૮ |
| મુનિસુવ્રત જિન વીસમા, એ | શ્રી કીર્તિવિમલજી | ૩૦ |
| મુનિસુવ્રત જિન પ્રભુજી જાણો | શ્રી દાનવિમલજી | ૩૦ |
| શ્રી મુનિસુવ્રત સાહિબો | શ્રી વિનીતવિજયજી | ૩૧ |
| જીવનકા ક્યા બિસાસા જીવન | શ્રી અમૃતવિજયજી | ૩૧ |
| પ્યારો મનભાવન મેરે દિલ | શ્રી અમૃતવિજયજી | ૩૨ |
| વીશમો જિનવર સુકૃતકારી | શ્રી પ્રમોદસાગરજી | ૩૨ |
| શ્રી મુનિસુવ્રત જિન વીસમારે | શ્રી ભાણચંદ્રજી | ૩૩ |
| શ્રી મુનિસુવ્રત સ્વામીજી રે | શ્રી ખુશાલમુનિજી | ૩૩ |
| ચઉમુખ દેતા દેશના રે લાલ | શ્રી ચતુરવિજયજી | ૩૪ |
| ઓલગડી (૨) તો કીજે શ્રી | શ્રી દેવચંદ્રજી | ૩૫ |
| જિનજી ! મુનિસુવ્રતશું માંડી | શ્રી જીવણવિજયજી | ૩૬ |
| શ્રી મુનિસુવ્રત-સાહિબા રે | શ્રી દાનવિજયજી | ૩૭ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| મુનિસુવ્રત-જિન-રાજીઓ રે | શ્રી મેઘવિજયજી | ૩૭ |
| સાંભળ સુવ્રત-સ્વામી ! શામળા રે | શ્રી કેસરવિમલજી | ૩૮ |
| મુનિસુવ્રત-જિન ભેટતાં | શ્રી કનકવિજયજી | ૩૯ |
| મુનિસુવ્રત [૧]સુવ્રત જિમ મન | શ્રી રૂચિરવિમલજી | ૩૯ |
| મુનિસુવ્રત આગેં રે, સેવક | શ્રી રૂચિરવિમલજી | ૪૦ |
| મુનિસુવ્રત જિન શામલો | શ્રી ભાવપ્રભસૂરિ | ૪૧ |
| મુનિસુવ્રત જિન વીસમા | શ્રી કીર્તિવિમલજી | ૪૨ |
| મુનિસુવ્રત-જિન અધિક દિવાજે | શ્રી રતનવિજયજી | ૪૨ |
| મુનિસુવ્રત-જિન નામ જપતાં | શ્રી માણેકમુનિ | ૪૩ |
| શ્રી મુનિસુવ્રત જિનવર સોહતો | શ્રી દીપવિજયજી | ૪૪ |
| મુનિ-સુવ્યય જિન વીસમઉ-તઉ | શ્રી ધર્મકીર્તિગણિ | ૪૫ |
| હાં રે ! થારો સમવસરણ દેખાડ | શ્રી સ્વરૂપચંદજી | ૪૬ |
| શ્રી મુનિસુવ્રત-સ્વામી હો ! | શ્રી જશવિજયજી | ૪૭ |
| મુનિસુવ્રત-જિનવર વીશમા | શ્રી જ્ઞાનવિમલસૂરીજી | ૪૯ |
| સુણ મોરે સ્વામી અંતરજામી | શ્રી ગુણવિલાસજી | ૫૦ |
| મુનિસુવ્રત જિનરાજશું મુઝ | શ્રી જગજીવનજી | ૫૦ |
| આજ સફળ દિન ભયો | શ્રી જિનહર્ષજી | ૫૧ |
| શ્રી મુનિસુવ્રત હરિકુલ ચંદા | શ્રી યશોવિજયજી | ૫૧ |
| મુનિસુવ્રત જિન વંદતાં | શ્રી જશવિજયજી | ૫૨ |
| મુનિસુવ્રત કીજે મયા રે | શ્રી માનવિજયજી | ૫૨ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| સુવ્રત સ્વામી, આતમરામી | શ્રી વીરવિજયજી | ૫૩ |
| મુનિસુવ્રત નામે | શ્રી પદ્મવિજયજી | ૫૩ |

# ચૈત્યવંદન વિધિ

## (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

## • ઈચ્છામિ ખમાસમણ સૂત્ર •

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

## • ઈરિયાવહિયં સૂત્ર •

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

## • તસ્સ ઉત્તરી સૂત્ર •

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)
**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં**
**કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોડર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈટ્ઠફલસિદ્ધી......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિઠ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી મુનિસુવ્રત સ્વામી ના ચૈત્યવંદન

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્ય૦

**મુનિસુવ્રત** જિન વીશમા, કચ્છપનું લંછન;
પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપનંદન....।।૧।।
રાજગૃહી નગરી ધણી, વાશ ધનુષ શરીર;
કર્મ[૧] નિકાચિત રેણુવ્રજ, ઉદ્દામ અમીર....।।૨।।
ત્રીશ હજાર વરસતણું એ, પાલી આયુ ઉદાર;
**પદ્મવિજય** કહે શિવ વર્યા, શાશ્વત સુખ નિરધાર....।।૩।।

૧. નિકાચિત કર્મરજ સમૂહને ટાળવા પ્રભંજન વાત સમાન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

**મુનિસુવ્રત** અપરાજિતથી, રાજગૃહી રહેઠાણ;
વાનર યોનિ રાજવી, સુંદર ગણ ગિર્વાણ......૧
શ્રાવણ નક્ષત્રે જનમીયા, સુરવર જય જયકાર;
મકર રાશિ છદ્મસ્થમાં, મૌન માસ અગીયાર.......૨
ચંપક હેઠે ચાંપિયા એ, જે ઘનઘાતી ચાર;
વીર વડો જગમાં પ્રભુ, શિવપદ એક હજાર.......૩

# શ્રી મુનિસુવ્રત સ્વામી ના સ્તવન

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

### (મુનિસુવ્રત મન મોહયું)

**મુનિસુવ્રત** મન મોહ્યું મારૂં, શરણ ગ્રહ્યું છે તમારૂં;
પ્રાતઃ સમય જ્યારે હું જાગું, સ્મરણ કરૂં છું તુમારૂં હો જિનજી,
તુજ મૂરતિ મન હરણી, ભવ સાયર જલ તરણી હો જિનજી....૧

આપ ભરોસે આ જગમાં છું, તારો તો ઘણું સારૂં રે;
જન્મ જરા મરણો કરી થાક્યો, આશરો લીધો છે મેં તારો..હો જિનજી..૨

ચું ચું ચું ચું ચિડીયા બોલે, ભજન કરે છે તમારૂં;
મૂર્ખ મનુષ્ય પ્રમાદે પડ્યો રહે, નામ જપે નહી તારૂં...હો...જિનજી..૩

ભોર થતાં બહુ શોર સુણું હું, કોઈ હસે કોઈ રૂવે ન્યારૂ;
સુખીઓ સુવે દુઃખીઓ રૂવે, અકલ ગતિએ વિચારૂં.....હો...જિનજી..૪

ખેલ ખલકનો બંધ નાટકનો, કુટુંબ કબિલો હું ધારૂં;
જ્યાં સુધી સ્વાર્થ ત્યાં સુધી સર્વે અંત સમયે સહું ન્યારૂં...હો..જિનજી...૫.

માયા જાળ તણી જોઈ જાણી, જગત લાગે છે ખારૂં રે;
**ઉદયરત્ન** એમ જાણી પ્રભુ તારૂં, શરણ ગ્રહ્યું છે મેં સાચુ. હો..જિનજી...૬

## કર્તા શ્રી આનંદઘનજી મ.

**(રાગ કાફી-આઘા આમ પધારો પૂજ્ય !-એ દેશી)**

મુનિસુવ્રત - જિનરાય ! એક મુજ વિનતિ નિસુણો ।।
આતમતત્ત્વ કયું જાણું ? જગતગુરુ ! એહ વિચાર મુજ કહીયો ।
"આતમતત્ત્વ જાણ્યા વિણ નિરમલ, ચિત્તસમાધિ નવિ લહિયો"—મુનિ૦।।૧।।

કોઈ-"અ-બંધ[૧] આતમતત્ત્વ માને", કિરિયા કરતો દીસે ।
"ક્રિયાતણું ફળ કહો કુણ ભોગવે ?" ઇમ પૂછયું, ચિત રીસે—મુનિ૦।।૨।।

જડ-ચેતન એ આતમ એક જ થાવર-જંગમ સરિખો ।
દુઃખ-સુખ સંકર[૨] દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરખો —મુનિ૦।।૩।।

એક કહે "નિત્ય જ આતમતત્ત્વ" આતમ દરશણ લીણો ।
કૃત-વિનાશ[૩]- અ-કૃતા-ગમ-દૂષણ[૪] નવિ દેખે મતિ-હીણો—મુનિ૦।।૪।।

સુગત-મત-રાગી કહે વાદી, "ક્ષણિક એ આતમ" જાણો ।
બંધ-મોક્ષ સુખ-દુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો —મુનિ૦।।૫।।

[૫]ભૂત-ચતુષ્ક-વરજિત આતમતત્ત્વ, સત્તા અલગી ન ઘટે ।
અંધ શકટ જો નજરે ન દેખે, તો શું કીજે સકટે ? —મુનિ૦।।૬।।

ઇમ અનેક-વાદી મતિ-[૬]વિભ્રમ, સંકટ-પાડયો ન લહે ।
ચિત્તસમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત્વ કોઈ ન કહે—મુનિ૦।।૭।।

વલતું જગ-ગુરુ ઇણિ પરે ભાખેં, "પક્ષપાત સવિ છંડી ।
[૭]રાગ-દ્વેષ-મોહ-પખ-વરજિત, આતમ શું [૮]રઢ મંડી —મુનિ૦।।૮।।

આતમ-ધ્યાન કરે જો કોઉ, સો ફિરિ [9]ઇણમાં નાવે ।
[10]વાગજાળ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત [11]ચાવે –મુનિ૦॥૯॥
જિણે વિવેક ધરી એ [12]પખ ગ્રહિયો, તે તત્ત્વજ્ઞાની કહિયેં ।
શ્રી **મુનિસુવ્રત** કૃપા કરો તો, **આનંદઘન**-પદ લહિયેં –મુનિ૦ ॥૧૦॥

---

૧. બંધવાળો નથી ૨. સુખ-દુઃખના વેદનમાં સંકર=મિશ્રણ દોષ ૩. કરેલા કર્મનો નાશ ૪. નહીં કરેલ કર્મનો વેદન રૂપે અભ્યાગમ પ્રાપ્તિ ૫. ચાર ભૂત સિવાય આતમતત્ત્વની હયતા જુદી નથી, (છઠ્ઠી ગાથાનો પૂર્વાર્ધ) ૬. ડોળાણ ૭. રાગદ્વેષ અને મોહના પક્ષથી રહિતપણે ૮. ગાઢસંબંધ ૯. આ સંસારમા ૧૦. શબ્દ જાળ ૧૧. મનને ગમે ૧૨. વાત

## કર્તા : શ્રી ઉપા. યશોવિજયજી મ.

### (પાંડવ પાંચે વંદતા-એ દેશી)

**મુનિસુવ્રત**-જિન વંદતાં, અતિ-ઉલસિત તન-મન થાય રે
વદન[1] અનોપમ નિરખતાં, માહરા ભવ-ભવનાં દુઃખ જાય રે
જગતગુરુ ! જાગતો સુખકંદરે, સુખકંદ અમંદ આનંદ-જગત
નિશદિન સૂતા-જાગતાં, હીયડાથી ન રહે દૂર રે
જબ ઉપગાર સંભારીયેં, તબ ઉપજે આણંદ[2]-પૂર રે...–જ૦
પ્રભુ ઉપગાર-ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાયરે
ગુણ[3]ગુણ-અનુબંધી હુઆ, તે તો અક્ષયભાવ કહાય રે...–જ૦
અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લખાય રે
વાચક **જશ** કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે...–જ૦

---

૧. સુખ, આનંદનો સમૂહ ૨. ગુણો ગુણની પરંપરાવાળા ૩. પ્રભુનો અનુભવ રૂપ જે પ્રેમ તે અક્ષયપદ આપે છે

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (વીરમાતા પ્રીતિકરણી-એ દેશી)

આજ સફળ દિન મુજ તણો, મુનિસુવ્રત દીઠા,
ભાંગી તે ભાવઠિ[1] ભવતણી, દિવસ દુરિતના[2] નીઠા[3] —આજ૦(૧)
આંગણે કલ્પવેલી ફળી, ઘન[4] અમિય[5]ના વૂઠા[6],
આપ-માંગ્યા[7] તે પાસા ઢળ્યા, સુર સમકિતી તૂઠા—આજ૦(૨)
નિયતિ-[8]હિત દાન સનમુખ હુયેં સ્વ પુણ્યોદય સાથે,
**જશ** કહે સાહિબે મુગતિનું, કરિઉં તિલક નિજ-હાથે —આજ૦(૩)

---

૧. ભ્રમર ૨. પાપના ૩. અનિષ્ટ બન્યા, દૂર ગયા ૪. મેઘ ૫. અમૃતના ૬. વરસ્યા ૭. મ્હોં-માંગ્યા ૮. ભવિષ્યમાં હિતકારી

## કર્તા : ઉપા.શ્રી યશોવિજયજી મ.

### (ઢાલ રસિયાની-એ દેશી)

**પદ્માદેવી**-નંદન ગુણનીલો[1], રાય **સુમિત્ર** કુળચંદ-કૃપાનિધિ;
નયરી રાજગૃહી પ્રભુજી અવતર્યો, પ્રણમેં સુર-નર વૃંદ.
કૃપાનિધિ ! મુનિસુવ્રત ! જિન ભાવે વંદીએ !.....(૧)
કચ્છપ લંછન સાહિબ શામળો, વીશ ધનુષ તનુ માન-કૃપા૦
ત્રીશ સહસ સંવત્સર[2] આઉખૂ, બહુ-ગુણ રયણ નિધાન કૃપા—મુનિ૦(૨)
એક સહસશ્યું પ્રભુજી વ્રત ગ્રહી, **સમેતશિખર** લહી સિદ્ધિ
સહસ પંચાસ વિરાજે સાહુણી, ત્રીશ સહસ મુનિ પ્રસિદ્ધિ—કૃપા—મુનિ૦(૩)

**નરદત્તા** પ્રભુ શાસન દેવતા, **વરૂણ** યક્ષ કરે સેવ-કૃપા૦
જે પ્રભુ-ભગતિ[૩]-રાતા તેહના, વિઘન હરે નિતમેવ–કૃપા–મુનિ૦(૪)
ભાવઠ-ભંજન [૪]જન-મનરંજનો, મૂરતિ મોહનગાર-કૃપા૦
કવિ **જશવિજય** પયંપે ભવ-ભવે, એ મુજ એક આધાર–કૃપા–મુનિ૦(૫)

---

૧. ગુણથી ભરેલ ૨. વર્ષ ૩. પ્રભુ ભક્તિમાં લીન ૪. ભવભવમાં ભટકવાનું અટકાવનાર

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

### (હાંરે મારા ધર્મ જિણંદસ્યું લાગી પૂરણ પ્રીતજો-એ દેશી)

હાંરે મુજ પ્રાણાધાર તું મુનિસુવ્રત જિનરાય જો,
મળિઓ હેજે[૧] હળિઓ[૨] પ્રીત[૩]પ્રસંગથી રે લો;
હાંરે મુજ સુંદર લાગી માયા[૪] તાહરી જોર જો,
અલગો[૫] રે ન રહું હું પ્રભુ ! તુજ સંગથી રે.લો૦(૧)

હાંરે માનું અમીઅ[૬]-કચોલાં હેજાળાં[૭] તુમ નૈન જો,
મનોહર રે હસિત-વદન પ્રભુ ! તાહરું રે લો;
હાંરે કોઈની નહિ તીન ભુવનમાં તુમ સમ મૂરતિ જો
એહવી સુરતિ દેખી ઉલ્લસ્યું મન માહરૂં રે.લો૦(૨)

હાંરે પ્રભુ ! અંતર[૮]-પડદો ખોલી[૯] કીજે વાત જો,
હેજ[૧૦] હીઆથી[૧૧] આણી મુજને બોલાવીએ રે લો;
હાંરે પ્રભુ ! નયન-સલુણે[૧૨] સનમુખ જોઈ એક વારજો,
સેવકના ચિત્તમાંહિ આણંદ ઉપજાવીએ રે.લો૦(૩)

હાંરે પ્રભુ ! કરૂણાસાગર ! દીનદયાળ ! કૃપાળ ! જો,
મહિર ધરિ મુજ ઉપર પ્રીત ધરી હીયે રે લો;

હાંરે પ્રભુ નિજબાળક પરે
મુજ લેખવજ્યો જિણંદ ! જો,
પ્રીત સુરંગી અવિહડ મુજ શું નિવાહીએ રે.લો૦(૪)
હાંરે પ્રભુ ! બાંહ ગ્રહ્યાની લાજ છે તુજને સ્વામી ! જો,
ચરણ-સેવા મુજને દેજો હેતે હસી રે લો;
હાંરે પ્રભુ પંડિત પ્રેમવિજયનો કવિ એમ ભાણજો,
પભણેરે જિન-મુરતિ મુજ દિલમાં વસી રે.લો૦(૫)

૧. પ્રેમથી ૨. હળીયો=એકમેક થયો ૩. પ્રીતિના પરિચયથી ૪. અંતરની પ્રીતિ ૫. આઘો ૬. અમૃતભર્યા કચોળાં-વાટકા ૭. અંતરંગ પ્રેમભર્યા ૮. ભેદ-ભાવરૂપ વચ્ચેનો પડદો ૯. દૂર કરી ૧૦. અંતરંગ હેત ૧૧. હૃદયથી-સાચા ભાવથી ૧૨. પ્રેમભર્યા

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

### (રાગ : જેત્તસિરી-દેશી પારધીયાની)

સુણ ! પંજરકે પંખીયારે, કરી[૧]-મીઠે પરિણામ રે-પંખીયડા.
તું હેં તોરે રંગકારે, જપ હું જિનેશ્વર નામ રે-પંખીના૦
મેરે જીઉકા સૂડા[૨] નીકે રંગકા રૂડા[૩], એ તો બોલો રે બોલો
પ્રભુકે પ્યાર શું રે, ખેલો કરી એક-તારરે—પંખી૦(૧)
ઉડત-ફિરત અનાદિકારે, ન મિટે ભૂખ ને પ્યાસ રે
ચ્યાર-દિનકા ખેલનારે, યા પંજરકે વાસરે—પંખી૦(૨)
ઉત[૪]ઉત ચંચ[૫]ન લાઇયેંરે, રહીયે સહજ[૬]-સુભાય રે
**મુનિસુવ્રત** પ્રભુ ધ્યાઇયેંરે, **આણંદ** શું ચિત લાય રે૦(૩)

૧. શુભ ૨. જીવરૂપ હે સૂડા=પોપટ ૩. સુંદર રંગ વાળો ૪. આમ-તેમ ૫. ચાંચ=મુખ ૬. સહજ સ્વભાવમાં

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

(કાસંભીની-દેશી)

જીવનો જીવન માહરો, મનનો મોહન મારો;
ભવનો રોધન[1] માહરો સાહિબો, પ્રભુ ! માહરા !
તીન ભુવન-શણગાર હો; તુમ દરસણ લહ્યા વિના,
પ્રભુ ! માહરા ! ભમિઓ બહુ સંસાર હો
—જીવનો૦ મન૦ભવ૦(૧)

ચર્તુદશ રજુ[2] પૂરો કર્યો, પ્રભુ ! આતમ ફરસી જાણ હો૦
અનાદિ નિગોદ માંહિ વસ્યો, પ્રભુ૦ કાળ અનંત પ્રમાણ હો
—જીવનો૦ મન૦ભવ૦(૨)

ગોલા[3] અસંખ્યાતે ભર્યો, પ્રભુ ! પૂરણ લોકાકાશ હો;
ગોળા અસંખ્ય-નિગોદથી, પ્રભુ ! તિહાં જીવ અનંતા વાસ હો
—જીવનો૦ મન૦ભવ૦(૩)

સાસોસાસનું મૂકવું, પ્રભુ ! જનમ-મરણ સમકાળ હો;
આપ-સ્વરૂપ જાણ્યું નહીં, પ્રભુ ! અનુભવી જડતા[4]-જાળ હો
—જીવનો૦ મન૦ભવ૦(૪)

બાયર-નિગોદમાંહિ સહ્યો, પ્રભુ ! છેદન-ભેદન તાપ હો;
પુઢવી આઉ તેઉમાં, પ્રભુ૦ વાયુ વણસ્પતિ પેહો
—જીવનો૦ મન૦ ભવ૦(૫)

બિ-તિ-ચઉરિંદિમાં રહ્યો, પ્રભુ૦ સંખ્યાતા મહાકાળ હો,
તિર્યંચના ભવ મેં કિયા, પ્રભુ૦ દ્વીપ પંચાવન ચાળ હો
—જીવનો૦મન૦ભવ૦(૬)

સાતે નરકે હું ભમ્યો, પ્રભુ૦ દીર્ઘકાળ અસરાળ[5] હો,
દુર્ભગ[6]-દેવની જાતિમાં, દુઃખ સહ્યું વિશાળ હો
—જીવ૦ મન૦ ભવ૦(૭)

**મુનિસુવ્રત**-કૃપાથકી, પ્રભુ૦ ભાંગ્યો સબ વિષવાદ હો,
**કીર્ત્તિ વિમલ**-ગુરૂની ગ્રહી, પ્રભુ૦ શિવ-લચ્છી કરૂં સાદ[7], હો
—જીવ૦ મન૦ ભવ૦ (૮)

---

૧. અટકાવનાર ૨. રાજલોક ૩. અસંખ્ય નિગોદ સમુદ્ર ૪. જડપણાની જાળ ૫. અકર્મી ૬. મંદ પુણ્યવાળા ૭. પોકાર

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (ઇડર આંબા આંબલી રે—એ દેશી)

**મુનિસુવ્રત** કીજે મયા[1] રે, મનમાંહિ ધરી મહિર[2]
મહિર[3] વિહૂણા માનવી રે, કઠિણ[4] જણાયે કહિર[5]
જિણેસર ! તું ! જગનાયક ! દેવ ! તુજ જગ હિત કરવા ટેવ—જિણે૦
બીજા જુયેં કરતા સેવ—જિણે૦(૧)

અરહટ[6] ક્ષેત્રની ભૂમિકા રે, સીંચે કૃતારથ હોય
ધારાધર સઘળી ધરારે, ઉધરવા સજ્જ જોય—જિણે૦(૨)

તે માટે અશ્વ ઉપરે રે, આણી મનમાં મહેર,
આપે આયા આફણી[7]રે, બોધવા ભરૂયચ શહેર—જિણે૦(૩)

અણ-પ્રારથતા ઉધરયા રે, આપે કરીય ઉપાય
પ્રારથતા રહે વિલવતા રે, એ કુણ કહીયે ન્યાય ?—જિણે૦(૪)

સંબંધ પણ તુજ મુજ વિચે રે, સ્વામી-સેવકભાવ
**માન** કહે હવે મહિરનો રે, ન રહ્યો અજર[૮] પ્રસ્તાવ–જિણે૦(૫)

૧. મહેરબાની ૨. કરુણા ૩. કરુણા વિનાના ૪. કઠણ કાળજાવાળા ૫. અત્યંત ખરાબ ૬. રેંટ માત્ર ખેતરની ભૂમિને સીંચી સફળ થાય છે, પણ મેઘ તો આખી પૃથ્વીને ઉદ્ધારવા તૈયાર હોય છે (બીજી ગાથાનો અર્થ) ૭. પોતાની મેળે ૮. ઉચિત

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

### (આજનહેજો-એ દેશી)

**શ્રી મુનિસુવ્રત** જિન વીશમા; વીશમીયા[૧] મનમાંહિજી;
કોઈક શુભ-મહુરત આવી વસ્યા; વીસ વસા ઉછાંહજી શ્રી૦(૧)

અનુભવ જાગ્યો જ્ઞાન-દશા તણો; પર-પરિણતિ ગઈ દૂરજી
વિષ[૨] સમ વિષયતણાં ફળ જાણીયાં, શ્રદ્ધા[૩]-પરિમલ પૂરજી–શ્રી૦(૨)

ઈત્યાદિક ગુણ પ્રગટે પ્રભુ થકી; અવર ન આવે દાય[૪]જી;
ચંપકતરુ-તળે જે રતિ પામ્યા; આઉલ[૫] તસ ન સુહાયજી–શ્રી૦(૩)

જે સુ-ગુણશું મનડું વેધ્યું, વન કરે નિગુણ-સંગજી
હંસા છીલર[૬] સર નવિ આદરે, છોડી ગંગ-તરંગજી–શ્રી૦(૪)

જગ જણ સાથે પ્રીત કરે ઘણી, તે કોઈ નાવે દાયજી
**જ્ઞાનવિમલ** પ્રભુ-પામ્યાથી હોવે, સેવક-વંછિત થાયજી–શ્રી૦(૫)

૧. વિસામો લીધો ૨. ઝેર જેવા ૩. શ્રદ્ધાની સુગંધના સમૂહથી ૪. અનુકૂળ ૫. આવળ નામે ઝાડ ૬. છીછરા પાણીના ખાબોચીયા

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ

(રાગ દેવગંધાર મેરે મન અઈસી આય બની-એ દેશી)

શ્રી **મુનિસુવ્રતનાથ** ગુણી,
શ્રી હરિવંશમહેસર[1] મસ્તક-મંડનરયણ મણિ–શ્રી૦(૧)

ત્રિભુવનમિત્ર **સુમિત્ર** રાયસુત, કામિત[૨]-દેવમણિ[૩]
**પદમારાણી** પુત્ર તણા ગુણ, ગાવે સુરરમણી[૪]–શ્રી૦(૨)

વીસ ધનુષ માને જસ કાયા,[૫]નવજલધરવરણી,
કચ્છપ-લંછન[૬]કચ્છપનીપરે, ગોપિતકરણ[૭] ગુણી–શ્રી૦(૩)

**રાજગૃહીનો** રાજા રાજે, ગૌતમ-ગોત્રમણિ,
ત્રીસ સહસ સંવત્સર જીવિત, ભવિક-કમલ-તરણિ[૮]–શ્રી૦(૪)

**વરૂણ** યક્ષ **નરદત્તા** દેવી, સેવે ભગતિ ભણી,
**ભાવ** કહે વીસમો જિનેશ્વર, આપે લચ્છી ઘણી–શ્રી૦(૫)

---

૧. શ્રી હરિવંશના મોટા રાજાઓના મસ્તકને શોભાવનાર રત્નના મણિ જેવા (૧લી ગાથાના પૂર્વાર્ધનો અર્થ) ૨. ઇષ્ટ વસ્તુ ૩. ચિંતામણી ૪. અપ્સરાઓ ૫. નવા=અષાઢી મેઘ જેવા વર્ણવાળી ૬. કાચબાની જેમ ૭.ગોપવેલ ઈન્દ્રિયોવાળા ૮. સૂર્ય

## કર્તા : શ્રી વિનયવિજયજી મ.

### (મારગે વહે ઉતાવળો એ-દેશી)

મન[૧]-મધુકર ! સુણ વાતડી, તજી[૨] અવર સવાદ[૩]
જિન[૪]-ગુણ-કુસુમ સવાદથી ટળેં સવિ વિખવાદ-મન૦(૧)

વિષય[૫] ધતૂરો મૂકિયે, તે માંહિ નથી ગંધ
નારી[૬]-વિજયા પરિહરે, મ મ થાઈશ તું અંધ-મન૦(૨)

સોળ કષાય એ કેરડા[૭], તેથી રહેજે દૂર
તે કંટક છે બાપડા, તુન્હે કરશેં ચૂર-મન૦(૩)

વિસમો[૯] પણ તપ[૧૦] - કેવડો, આદરિ[૧૧] ગુણ[૧૨] જાણ
જો પરિણામે રૂઅડો, તેહની મ કરસિ કાંણ[૧૩] - મન૦(૪)

**મુનિસુવ્રત** પદ-પંકજે જો તું પૂરે વાસ
**વિનય** ભણે તો તાહરી, પોહેંચે સઘળી આશ-મન૦

---

૧. મનરૂપ ભમરા ! ૨. છોડી દે ૩. ચટકા ૪. પ્રભુના ગુણ રૂપ ફૂલના સ્વાદથી ૫. વિષયરૂપ ધતૂરાને ૬. સ્ત્રી રૂપ વિજયા=ભાંગના ઝાડને ૭. કેરનું ઝાડ ૮. તને ૯. આકરો ૧૦. તપરૂપ કેવડાનું ઝાડ ૧૧. સ્વીકારજે ૧૨. ગુણ = ફાયદો જાણીને

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ-નાયકી)

સુંદર મુખકી શોભા, નિત[1] દેખબો કીજે,
**મુનિસુવ્રતજીકો** દરસન[2]દેખત, દુરિત[3] દુઃખ છીજે[4]–સું૦(૧)
પિતા **સુમિત્ર** નગરી **રાજગૃહી**, **પદમાવતી**કી બલી[5] લીજે
વીસ ધનુષ તસુ કૂરમ[6] લંછન, હરિવંશ કુલ અવતાર લહીજે–સું૦(૨)
તીસ સહસ સંવત્સર[7] આઉ, શ્યામબરન દેખતહી જીજે[8],
વારૂં [9]કોટિ [10]કામકી મૂરત, ઔર કહાકી[11] ઓપમ દીજે–સું૦(૩)
જબ દેખું તબ અતિ સુખ ઉપજે, બિન દેખ્યે મેરો મન ન પતીજે[12]
**હરખચંદ**કે પ્રભુકી મૂરત, દેખત નૈન[13]અમૃત-રસ પીજે–સું૦(૪)

૧. જોયા કરીએ ૨. આંખ-ચહેરો ૩. પાપનું દુઃખ ૪. દૂર થાય ૫. ઓવારણાં ૬. કાચબો ૭. વર્ષ ૮. ખબર પડે ૯. સુંદર ૧૦. ક્રોડ કામદેવની ૧૧. શેની ૧૨. ખાત્રી થાય ૧૩. આંખો

## કર્તા : શ્રી નયવિજયજી મ.

(દેશી મોતીડાની)

સાહિબ ! શ્રી**મુનિસુવ્રતસ્વામી**, કરૂં વિનતિ ચરણે શિરનામી,
સાહિબ ? વિનતિ અવધારો.... જીવન[1] તુજ દરિશણ પ્યારો,
મોહના ! મનમોહન ગારો..સાહિબ૦(૧)
દુત્તાર[2] એ ભવ - સાયર તારો–સાહિબ૦(૨)
સેવક કોડી ગમે તુજ જોઈ, કિંકર હું પણ ગણવો તોઈ–સાહિબ૦(૩)
ભગતવત્સલ જો બિરૂદ ધરીજે, તો મુજ મનવંછિત સુખ દીજેં–સાહિબ૦(૪)
જો પણ હું ન વિશુદ્ધાચરણે[3], તોપણ હું આવ્યો તુમ્હ શરણે–સાહિબ૦(૫)

ગુણ-અવગુણ મુજ કેમ વિચારો, પતિત-પાવન બિરૂદ સંભાળો—સાહિબ૦(૬)
જો પણ હું બહુ અવગુણ-ભરીઓ, તો પણ મેં પ્રભુજી અણુસરીઓ—સાહિબ૦(૭)
અવગુણ પણ ગુણ કરીને બીજેં, અંગીકૃત[૪]-નિરવાહ[૫] કરિજે—સાહિબ૦(૮)
ઘણી શી વિનતિ સ્વામી કીજે, **નયવિજય** કહે બોધિબીજ દીજે—સાહિબ૦(૯)

૧. અંતરની શક્તિઓના આધાર ૨. દુઃખે કરીને તરાય તેવો ૩. સારો ૪. સ્વીકાર્યાનો ૫. નભાવ

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

**મુનિસુવ્રત**-મહારાજ હો ! તું તો ગરીબ-નિવાજ હો,
આજ ન હો ! આજન તો સો ઈણ યુગૈ, શ્યામ મૂરતિ સુખકાર હો,
દેખી જાચણ[૧]આવો દરબાર હો, વારજ હો ! વાર કહું વાલો લગૈ૦...(૧)
વિકસ્યો પદમ વન પુણ્ય હો, હું હુઓ ધન્ય કૃતપુણ્ય હો !
અન્ય જ હો અન્ય ન માંનઈં[૨]મન વિષૈ,
માહરઈ મનિ અભિલાષ હો !
ગિણતીમેં લાખાં લાખ હો સાખજ હો !
સાખ[૩] પુરઈ[૪] કુણ તો[૫] પખૈ[૬]
જે જાયા જસની[૭] રાતિહો[૮] જસ લૈવૈ કરઈ હર[૯] ભાંતિ હો !
ખાંતિજ હો ! ખાંતિ કરી નિત નિત પ્રતિં,
માયા રસની[૧૦] સીર[૧૧] હો !
પ્યાસ બુઝાવણ નીર હો, ધીરજ હો ધીર અછઈ મનમેં ઘણીં
જનમ કૃતારથ કીધ હો ! મુંહ માંગ્યો મુઝનૈ દીધ હો !
લીધ જ હો ! લીધો લાહો નરભવ તણો,

હુઓ ન હોસી કોય હો !
તું હોવૈ તેહવો હોય હો ! જોયજ હો !
જોયૈ[૧૨] હુવૈ આણંદ ઘણો૦...(૪)

માહરો પ્રભુ ! સ્યું મોહ હો ! તૈ મેટયો મુઝ અંદોહ[૧૩] હો !
છોહ જ હો ! છોહ ધરી કરી ચિત્તમૈ,
ચિતમૈ તો હુવૈ ચેન હો
આછી ભાતિં ઐન હો ! ઐન જ હો !
નિરખી જ તો નિત્ય મૈ.....(૫)

તું સંસાર મૈ સાર હો ! માહરઈ પ્રાણ આધાર હો !
પ્યાર જ હો ! પ્યાર મ દેજ્યો પર હથૈ, એહ અરજ છઈ અમ હો
**ઋષભસાગર** કહૈ તુમ હો ! સમ્મ જ હો ! સમ્મ તુમ્મે સેવક કથૈ.....(૬)

---

૧. માંગવા માટે ૨. ગમતો ૩. વિશ્વાસ ૪. ઉપજાવે ૫. તમારા ૬. વિના ૭. યશ વધારનાર ૮. મંગળ સમયે ૯. દરેક રીતે ૧૦. પૃથ્વીના ૧૧. હળસમાન ૧૨. જોવાથી ૧૩. સંશય

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

**મુનિસુવ્રત**-મહારાજ માહરા, મનનો વાસી રે..
આશા દાસી કરીને થયો, તું ઉદાસી રે—મુનિ૦(૧)

મુગતિ-વિલાસી તું અ-વિનાશી, ભવની ફાંસી રે..
ભાંજીને ભગવંત થયો તું ! સહજ વિલાસી રે—મુનિ૦(૨)

ચૌદ રાજ-પ્રમાણ લોકાલોક-પ્રકાશી રે..
**ઉદયરત્ન** પ્રભુ અંતરજામી, જયોતિ વિકાસી રે—મુનિ૦(૩)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

(જોરાવર હાડા એ દેશી)

**મુનિસુવ્રતજિન** દેવરે, જગજીવન-સ્વામી;
ત્રિભુવન-અભિરામ, પ્રણમું શિર નામી,
મેં પુણ્ય પામી, મીઠડી લાગે રે, સેવા તાહરી રે....(૧)

સહસ અધિક વલી આઠ રે, લક્ષણ અ[૧]-અવિરોહે કર[૨]-પદ માંહે સોહે
ભવિયણ મનમાંહે,ગુણ-સંતતિ રોહે, મીઠડી મૂરતિ તાહરી રે.....(૨)

ઇંદ ચંદ રવિ મેરુ રે, ગુણ લેઇ ઘડીઓ, અવગુણ નવિ અડિઓ
ગુણઠાણે ચડીઓ, સ્ત્રી[૩] પાસ ન પડીઓ,
નિરૂપમ-અંગ અનંગ હરાવતા રે....(૩)

ભૂમિકા કાગદ ઠામ રે, લેખણ વનરાઈ, જલનિધિ જલ શ્યાહી
સુરગુરૂ ચિત લાઈ, તુમ ગુણ ન લિખાઈ,
અલખ-નિરંજન પ્રભુજી ! તું જયો રે....(૪)

જાણે કેવળી સંત રે, ગુણ ગણી ન શકાયે યોગીશર ધ્યાયેં
તન મન લય લાયે, પરમાનંદ પદ પાયેં,
અગમ અરૂપ અનંત ગુણે ભર્યો રે....(૫)

જગપાવન તુમ નામ રે, મુજ મનમાં આવો, એકાંગી ઠાવો
શુભ ધ્યાન બનાવો, સમકિત દીપાવો,
મુગતિનું મોટું કારણ એ સહી રે....(૬)

**ક્ષમાવિજય** ગુરૂશિષ રે, સેવક **જિન** આગે કર જોડી માંગે
લખી પાયે લાગે, અનુભવ-રસ જાગે,
ભવ-ભવ ચરણ-શરણ મુજને હજ્યો રે....(૭)

૧. વિરોધ વિના=સરખી રીતે ૨. હાથ-પગમાં ૩. સ્ત્રીના ફંદામાં

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

જય જય **મુનિસુવ્રત**-જગદીશ, વરસે વાણી ગુણ પાંત્રીશ
વારે ઘાતી સુડતાલીશ[1], જેહથી પ્રગટે રે ગુણ એકત્રીશ[2] રે
મુણીંદા ! તુજ દેશના સુખ ખાણી, સુખ ખાણી રે મેં જાણી રે—મુણીંદા૦.......(૧)

જેહથી લાજે સાકર-પાણી રે,—મુણીંદા૦
એ તો ધર્મરાય પટરાણી રે—મુણીંદા૦
એહનાં અંગ ઉપાંગ અનુપ, એહનું મુખડું મંગળરૂપ
એ તો નવરસ રંગ સરૂપ, એહનાં પગલાં રે
એહનાં પગલાં પ્રણમે ભૂપ રે—મુણીંદા૦....(૨)

એ તો એક-અનેક સ્વભાવ, એ તો ભાસે ભાવ-વિભાવ
એ તો બોલે બહુ પ્રસ્તાવ, એ તો ભંગી રે
એ તો ભંગી સપ્ત બનાય રે—મુણીંદા૦....(૩)

એ તો નયગર્ભિત અવદાત, એહનો તીર્થંકર પદ તાત;
એ ચઉ પુરુષારથની માત, એહનાં સકલાં રે
એહના સકલાં અર્થ છે જાત રે—મુણીંદા૦....(૪)

એહનો ત્રિહું જગમાં ઉદ્યોત, જીપે રવિ-શશિ-દીપક જ્યોત
બીજાવાદી શ્રુત ખદ્યોત[3], એ તો તારે રે
એ તો તારે જિમ જલપોત[4] રે—મુણીંદા૦....(૫)

એહને ગણધર કરે શિણગાર, એહને સેવે સહુ અણગાર;
એહતો ધુરથી[5] સદા બ્રહ્મચાર, એ તો ત્રિપદી રે
એ તો ત્રિપદીનો વિસ્તાર રે—મુણીંદા૦....(૬)

એહથી[6] જાતિનાં વૈર શમાય,બેસે વાઘણ ભેળી ગાય
આવે સુરદેવી સમુદાય, એહને ગાવે રે
એહને ગાવે પાપ પલાય રે—મુણીંદા૦....(૭)

એહને વાંછે નર ને નાર, એહથી નાસે કામવિકાર;
એહથી ઘર ઘર મંગળ ચ્યાર
એ તો **મુનિજિન** રે, એતો **મુનિજિન** પ્રાણ-આધાર રે—મુણીંદા૦.....(૮)

---

૧. જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૯, મોહનીય-૨૮ અંતરાય-૫ મળીને =૪૭ ૨. સિદ્ધના ગુણ ૩. ખજુઆ ૪. વહાણ ૫. પ્રથમથી ૬. જન્મના=સ્વાભાવિક

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

(થુલીભદ્ર થિર જસ કરમી જીવ-એ દેશી)

ઐન[1] અસાઢો ઉમસ્યોજી, ત્રિભુવનને હિતકાર,
જિનવર ઉલટયો એ જલધાર
વરસે વરસે વચન સુધાજલ જોર રે,
નિરખી હરખે પરખદા જન-મન મોર રે,
અમર[2]-વિમાને છાયો ગગન ઘનઘોર રે,
જણિકે ઉલટયો વાદળદળ ચિહુંઓર[3]–જિન૦(૧)

શ્યામ શરીરે ઓપે નખ ઉજાસરે,
જલઘટામાં જાણો વીજ પ્રકાશરે;
સુરદુદંભિનો ઉઠયો શબ્દ અખંડ રે,
ગર્જારવ શું ગાજી રહ્યો બ્રહ્માંડ–જિન૦(૨)

ધર્મધજા જિહાં ઇંદ્રધનુષ અભિરામ રે,
દિગ્ગજની પરે આવે ઇંદ્ર ઉદામ રે
પવન ફરૂકે કરૂણા લહેર સુરભિ રે,
નાઠા દૂરે દુઃખ દુકાલને દંભ–જિન૦(૩)

ઝરમર ઝરમર ઝડિમડી વરસંત રે,
ચાતકની પરે ચતુરપુરૂષ હરખંત રે
થઈ રોમાંચિત શીતળ સહુની દેહ રે,
મનમેદનીયે પસર્યો પૂરણ નેહ રે–જિન૦(૪)

આવે જિન[૪] વંદન ખેચરપતિ મન ખંત[૫] રે
ઉલટી જાણે ગગને બલાહકપંત[૬] રે
ભવ-દાવાનળ દાહ શમ્યો વળી તામ રે,
ઉલસ્યો વેગે ત્રિભુવન - આરામ–જિન૦(૫)

પ્રમુદિત મુનિવર[૭] દાદુર ડહકે જયાંહિ રે
જિનગુણ રાતા ભવિક મમોલા[૮] ત્યાંહિ રે
આવ્યો વેગે દુરિતજવાસકો અંતરે,
ગિરિવરની પેરે હરીઆ[૯] થયા ગુણવંત–જિન૦(૬)

થઈ નવ પલ્લવ સત શાખા સુખવેલ રે
ચિહું દિશે પૂરે ચાલી સુકૃત રેલ રે,
પ્રવચન રચના સરોવર લહિર તરંગ રે,
સૂધો જિન સારસ ખેલે અધિક ઉમંગ–જિન૦(૭)

ચરણ યુગલ યૌ વિકસિત કુસુમ કદંબ રે,
અવિલંબ્યા તિહાં અમર-ભમર અ-વિલંબ રે,
પસર્યા પોહોવે સમકિત બીજ અંકુર રે,
જીવદયા જીહાં નીલા હરીનું પૂર–જિન૦(૮)

ઈણ પરે ગાયો ઊલટ આણી ઉર રે,
શ્રી **મુનિસુવ્રત** વર્ષા ભાવે સનૂર રે,
આજ સફળ દિન **હંસ** કહે કર જોડ રે,
તુજ ગુણનીરે સેંચ્યો સમકિત છોડ–જિન૦(૯)

૧. ખરેખર ૨. દેવોના વિમાનથી ૩. ચારે બાજુ ૪. પ્રભુને વાંદવા ૫. મનના ઉમંગથી ૬. મુનિરૂપ દેડકાઓ ૭. પાણીના જીવો ૮. પાપરૂપ જવાસા વનસ્પતિનો ૯. લીલાછમ

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (હો પીઉ પંખીડા-એ દેશી)

હો ! પ્રભુ ! મુજ પ્યારા ન્યારા થયા કેઈ રીત જો,
ઓળગુઆને[1] આળાલુંબન[2] તાહરો રે લો
હો ! પ્રભુ૦ ભક્ત-વછલ ભગવંત જો,
આય વસો મનમંદિર સાહિબ માહરે રે.લો૦(૧)

હો ! પ્રભુ૦ ખીણ ન વીસારૂં તુજ જો,
તંબોલીના[3] પત્રાતણી પરે ફેરતો રે લો
હો ! પ્રભુ૦ લાગી મુને માયા[4] જોર[5] જો,
દિણયરવાસી સુસાહિબ તુમને હેરતો રે..લો૦(૨)
હો ! પ્રભુ૦ તું નિસનેહી જિનરાય જો,
એક પંખી પ્રીતલડી કીણપરે રાખીયે રે લો
હો ! પ્રભુ૦ અંતરગતની મહારાજ જો,
વાતલડી વિણ સાહિબ કહેને દાખીયેં રે ?.લો૦(૩)
હો પ્રભુ૦ અલખ-રૂપ થઈ આપ જો,
જાય વસ્યો શિવમંદિર માંહે તું જઈરે લો
હો ! પ્રભુ૦ લાધ્યો તુમારો ભેદ જો,
સૂત્ર-સિદ્ધાંત ગતિને સાહિબ તુમ લહીરે.લો૦(૪)
હો ! પ્રભુ૦ જગજીવન જિનરાય જો,
**મુનિસુવ્રત** જિન મુજરો માનજયો માહરો રે લો
હો ! પ્રભુ૦ પય પ્રણમી જિનરાય જો,
ભવભવ શરણું સાહિબ ! સ્વામી ! તાહરૂં રે..લો૦(૫)

હો ! પ્રભુ૦ રાખશું હૃદય મઝાર જો,
આપો શામળીયા ! દ્યો પદવી તાહરી રે લો,
હો ! પ્રભુ૦ **રૂપવિજયને** શિષ જો,
**મોહનને** મન લાગી માયા તાહરી રે.લો૦(૬)

૧. સેવા કરનારાને ૨. આધાર ૩. પાનવાળો, જેમ પાનને ઘડીયે ઘડીયે ફેરવ્યા કરે તેમ હું આપને ઘડીયે ઘડીયે યાદ કરું છું (બીજી ગાથાની બીજી લીટીનો અર્થ) ૪. પ્રીતિ ૫. વધુ

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (ઘોડી તો આઈ થાંરા દેશ મેં મારૂજી-એ દેશી)

**મુનિસુવ્રત** શું મોહની[1] સાહિબજી !
લાગી મુજ મન જોર[2] હો, શામલડી સૂરતી[3] મન મોહિયો
વ્હાલપણું[4] પ્રભુથી સાહી, સા૦ કલેજાની કોરહો—શામ૦
અમને પૂરણ પારખું, સા૦ એ પ્રભુ ! અંગીકાર હો—શામ૦
દેખી દિલ બદલે[5] નહિ, સા૦ અમચા[6] દોષ હજાર હો —શામ૦(૨)
નિરગુણ પણ બાંહિ ગ્રહ્યા, સા૦ ગિરૂઆ[7] છંડે કેમ હો—શામ૦
વિષધર કાળા કંઠએ, સા૦ રાખે ઈશ્વર[8] જેમ હો—શામ૦
ગિરૂઆ સાથે ગોઠડી, સા૦ તે તો ગુણનો હેતહો—શામ૦
કરે ચંદન નિજ સારિખો, સા૦ જિમ તરૂઅરનો ખેતહો[9] —શામ૦(૪)
જ્ઞાનદશા પરગટ થઈ, સા૦ મુજઘટ મિલિયો ઈશહો[10]—શામ૦
**વિમલવિજય** ઉવઝાયનો, સા૦ **રામ** કહે શુભ શિષ્યહો —શામ૦(૫)

૧. રાગ-પ્રેમ ૨. અધિક ૩. ચહેરો ૪. હાર્દિક સ્નેહ ૫. ફેરવે નહીં ૬. અમારા ૭. મોટા ૮. શંકરજી ૯. સમૂહ ૧૦. પ્રભુ-પરમાત્મા

## કર્તા : શ્રી રામવિજયજી મ.

(હરની હમચીરે-એ દેશી)

આવો આવો ને સખી ! દેહરે જઈયે,
પ્રભુ-દરિશણ કરીને નિરમલ થઈયે,
ગાવો ગાવોરે હરખ અપાર-જિનગુણ ગરબો રે,
તુમે પ્હેરો સોળ શિણગાર, જિન૦
મારે લાખેણી એ[1] વાર, જિન૦
દોહિલો માનવ અવતાર—જિન૦(૧)

પદમાદેવીનો[2] નંદન નીકો છે, પ્રભુરાય સુમિત્ર[3] કુળ ટીકો[4] છે,
નમો નમો રે એહજ નાથ—જિન૦
ફોકટ શી કરવી વાત—જિન૦
કૂડી લાગે છે નેહની લાત—જિન૦(૨)

કચ્છપ[5] લંછન પ્રભુ પાય છે, જિન વીશ ધનુષની કાય છે,
ત્રીશ સહસ વરસનું આય—જિન૦
મારે હઈડે હરખ ન માય—જિન૦
એહની સેવાથી સુખ થાય-જિન૦
મારા દુખડાં દૂરે જાય—જિન૦(૩)

પ્રભુ શ્યામવરણ વિરાજે છે, મુખડું દેખી વિધુ[6] લાજે છે,
એહને મોહી હરિની[7] નાર—જિન૦
તે કરે લુંછણડાં સાર—જિન૦ પ્રભુ નયણતણે મટકાર—જિન૦

તેહથી લાગ્યો પ્રેમ અપાર–જિન૦(૪)
પ્રભુ હૃદયકમળનો વાસી છે, શિવરમણી જેહની દાસી છે,
હું તેહ તણો છું દાસ જિ૦ મારે પૂરે મનડાની આશ–જિન૦
પ્રભુ અવિચળ લીલ-વિલાસ-જિન૦ **રામવિજય** કહે ઉલ્લાસ–જિન૦(૫)

૧. અવસર ૨. પ્રભુજીની માતાનું નામ ૩. પ્રભુજીના પિતાનું નામ ૪. તિલક ૫. કાચબો ૬. ચંદ્ર ૭. ઈન્દ્રની

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

**(મદનેશ્વર મુખ બોલ્યો ત્રટકી-એ દેશી)**

ગુણ બોલંતાં જો નવિ ભીંજે, તો ઉલંભડે મત ખીજે હે,
સસનેહી રે સુંદર
**મુનિસુવ્રત** મુજ રાખીલે, બક્ષ્યો હોયેં કાંઈ આજ લગેજી
તે સંભાળી લીજે હે, સસનેહી રે જિનવર,
ગુણ કીધા તે ભાખીને –મુનિ૦(૧)
પ્રભુતા[1] ધારી પીડ ન જાણે, મુજ મહીનત મન નાણે હે–સસ૦મુનિવર
દાનતણો અવસર પામીને, દિનદિન આઘા તાણેહે–સસ૦–મુનિ૦(૨)
આરાધું અહનિશ એક ધ્યાને, ત્યાં તું નયણ ન જોડે હે–સસ૦–મુનિ૦
જિમ અસવાર ન જાણે પંથે, યદ્યપિ તુરંગમ દોરે હે–સસ૦–મુનિ૦(૩)
મોટા જનથી માંડી જોરો, કિમ લીજીયેં તે તાણી હે–સસ૦ મુનિ૦
કુંજર કાન ગ્રહયો કિમ આવે, રહિયેં ઈમ મન જાણી હે–સસ૦ મુનિ૦(૪)
**પ્રેમ**પ્રતીત અછે જો સાચી, તો બાજી નહિં કાચી હે–સસ૦ મુનિ૦
**કાંતિ**ચરિત મુજ જલધર સરીખા, કરત પલકમાં અજાચી[2] હે–સસ૦મુનિ૦(૫)

૧. મોટાઈવાળા ૨. માંગવું ન પડે તેવા

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

**(જિનમુખ દેખ ન જાઉં રે પ્રભુકો જનમ ભયોહે-એ દેશી)**

દિલ ભરી દરિશન પાઉં રે, પ્રભુકો બન્યો હે
**પદમાનંદન** હરિકૃતવંદન[1], ચરનકમલ બલિ[2] જાઉં રે-પ્રભુ૦(૧)
નીલકમલદલ કોમલ વાને, સેવનમેં ચિત લાઉં રે-પ્રભુ૦(૨)
ચુની ચુની કલીયાં ચંપકકી, હાથસેં માલ બનાઉં રે-પ્રભુ૦(૩)
**શ્રી મુનિસુવ્રત** સુવ્રત સેવી, નાથ સમાન કહાઉં રે-પ્રભુ૦(૪)
**ન્યાયસાગર** પ્રભુ સુવ્રત સેવા, નિયત ફળે દિલ ભાઉં રે-પ્રભુ૦(૫)

૧. ઇંદ્રોએ જેમને વંદન કરેલ છે ૨. બલિહારી

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

**(દેશી-ફાગની)**

**મુનિસુવ્રત** વીશમા, વિસમિયા મનમાંહિ
જિમ નંદનવન સુરતરૂ, સુરતરૂ સમ જસ બાંહિ....(૧)
કચ્છપ લંછન જાણીયેં, ચરણોન્નત ગુણહાર
પામિઓ ધામીઓ સેવે, પાયકમળ મનોહાર....(૨)
જયું ઘન મોર ચકોર, શશી ચકવા દિનકાર
પાવસ પંથી ગેહા, કુલવંતી ભરતાર....(૩)
મધુકર માલતી પંકજ, ગજ રેવા જિમ પ્રીતિ
ગૌરી ગિરીશ હરિ કમળા, કમળાસુત રતિ પ્રીતિ....(૪)
ચાતક મેહા નેહા, એ સઘળા ઉપચાર
પ્રેમ તણા એ ઉપમ નહી, તિમ અંતર ચાર....(૫)

પણ પ્રભુશું એક તાન, જે જ્ઞાની લહે નિરધાર
એક સરૂપે ધ્યાઈયેં, પાઈયેં તો નિરધાર....(૬)
**પદ્માનંદન** વંદન, કીજેં થઈ સાવધાન
**સુમિત્ર** નરેશર વંશેં, મુક્તાફળ ઉપમાન....(૭)
તું મુજ શંકર કિંકર, હું તુમચો નિશદીશ
**ન્યાયસાગર** પ્રભુ-ધ્યાને, પામે અધિક જગીસ....(૮)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

**(આઘા આમ પધારો પૂજ્ય ! અમ ઘર વહોરણ વેહલા—એ દેશી)**

**મુનિસુવ્રત** ! જિન મહેર કરીને, સેવક સનમુખ દેખો,
ચોપન લાખ વરસનું અંતર, **મલ્લિજીણંદથી** પરખો-
ભવિજન ! ભાવ ધરીને એહ અતિ આદર કરી પૂજો,
શ્રાવણ સુદિ પૂનમ પ્રભુ ચવિયા, જનમ આઠમ જેઠ વદિ
વીશ ધનુષની દેહ વિરાજે, રૂપતણી હુવે હદિ[1]—ભ૦(૧)
ફાગુણ સુદિ બારસેં દિન દીક્ષા, શામળ વરણો સોહે
ફાગુણ વદિ બારસ દિને પ્રભુજી, ક્ષપક શ્રેણી આરોહે—ભ૦
લહે જ્ઞાન ને દીધી દેશના, ભવિજનને ઉપગારે
ત્રીશહજાર વરસ ભોગવીઉં, આયુ શુદ્ધિ પ્રકારે—ભ૦
આપ જેઠ વદિ નવમીયેં વરિયા, **જિન-ઉત્તમ** વરસિદ્ધિ
**પદ્મવિજય** કહે પરગટ કીધી, આપ અનંતી રિદ્ધિ—ભ૦

૧. હોડ

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(સાબરમતીએ આવેલા ભરપૂર જો,
ચારે ને કાંઠે રે માતા રમી વળ્યાં રે-એ દેશી)

પદ્માનંદન વંદન કરીયેં નિત્ય જો,
સ્યાદવાદશૈલી જસ અભિધા સૂચવે રે
લોકાલોકને જાણે તિણે મુનિ હોય જો,
એ ગુણથી મુજ મનમાં હઠથી રુચવે રે૦....(૧)
મત્યાદિક ચઉ-નાણ-અભાવથી જાસ જો,
કેવલજ્ઞાન તે સૂર્ય ઉગ્યો જેહને રે
કટ-વિવરે કરી સૂરજ કિરણે પ્રકાશ જો,
મેઘાંતરથી આવ્યો જન કહે તેહને રે૦....(૨)
વાતાયન પરમુખનો કહે ઈણિ પરકાશ જો,
પણ સૂરજનો નવિ કહે ઈણિ પરે જાણીયેંરે
કેવલજ્ઞાન પ્રકાશે ક્ષયોપશમ નામ જો,
મત્યાદિકથી ભવિજન મનમાં આણિયે રે....(૩)
વાતાયન પરમુખ કીધા સવિ દૂર જો,
તવ કહેવાય સૂરજનો પરકાશ છે રે
તિમ આવરણ ગયાથી ઈમ કહેવાય જો,
કેવલજ્ઞાને ત્રાણભુવન આભાસ છે રે....(૪)
અથવા સૂરજ ઉગે પણ નવિ જાય જો,
ગ્રહણ તારા પણ પરવર્ત્તન તસ નથી રે

તિણી પરે સત્તા મત્યાદિકની જાણ જો,
પણ પરવર્ત્તન નહી તસ કેવલ જ્ઞાનથી રે....(૫)
ઉત્તમ વ્રત પાળ્યાથી **સુવ્રત** નામ જો,
જ્ઞાન-ક્રિયાથી મોક્ષ હોય નિરધાર જો,
જ્ઞાન-ક્રિયાથી ઈમ નામે જેહને પામીયેં રે;
તે સાધી શિવ પામ્યા તુમ્હ શિર નામિયેં રે....(૬)
જ્ઞાનમાંહિ દર્શન તે અંતરભૂત જો,
સાધનરૂપ ટળીને સાધ્યપણે થઈ રે
રત્નત્રયી જિનવર **ઉત્તમ** ને નિત્ય જો,
**પદ્મવિજય** કહે ભજતાં આપદ સવિ ગઈ રે....(૭)

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

### (અજિત જિણંદશ્યું પ્રીતડી-એ દેશી)

**શ્રીમુનિસુવ્રતજિન** ગુણનીલો,
ચરણાદિક હો અનંત ગુણકંદ કે
કેવળી પણ એક સમયના,
ગુણ જાણે હો ? નહી કેહવા અમંદ કે—શ્રી૦...(૧)

વચન અગોચર ગુણ થકી,
ભાંગે અનંત હો હોવે ખલુ વાચ્ય કે
શ્રુતધર કેવળી સારિખા,
તેહમાં પણ હો કાંઈક કહેવાય કે—શ્રી૦...(૨)

ત્રિભોવન જીવ ગણવા વિષે,
સપ્રયાસીહો વર્તે સમકાળ કે
અનંત ભાવે પિણ ક્ષિણકનાં,
કહેવા અસમત્થહો ગુણ દીન દયાલ કે–શ્રી૦....(૩)
અસંખ્ય પ્રદેશ આતમતણા,
તેહમાં પણ હો કોઈક પ્રદેશ કે
અસ્તિ નાસ્તિ નિત્યાદિકે,
ધર્મપર્યવહો ગુણ અનંત આવેશ કે–શ્રી૦....(૪)
સંખ્યાતીત નિજ દેશમાં,
ગુણ અનંતતા હો સમાણી કેમ કે
લોક પ્રદેશ અસંખ્ય વિષે,
દ્રવ્ય પર્યવહો સમાયે જેમ કે–શ્રી૦....(૫)
જિમ વ્યક્તિપણે ગુણ તાહરે,
તિમ શક્તિથી હો માહરે છે નાથ કે,
ઉપાદાન સમરે સહી,
શુભ હેતુથી હો પ્રગટે નિજ આથ કે–શ્રી૦....(૬)
લોહમિટે પારસ ફરસથી,
અબોધતાહો તિમ મનથી જાય કે,
**સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** ગુણનિધિ,
અવલંબતા હો ! તન્મયપદ થાય કે–શ્રી૦....(૭)

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

**મુનિસુવ્રત** જિન વીસમા, એ તો વીસ વસા છે શુદ્ધ-જિનવર
એ પ્રભુ નિજ ચિત્ત ધરે, તે થાયે ત્રિભુવન બુદ્ધ—જિન૦મુનિ૦(૧)
**સુમિત્રા** નૃપ કુલ શોભતા, **પદ્મારાણી** ઉર હંસ-જિનવર
**રાજગૃહી** નગરીનો રાજીઓ, ગુણ ગાજ્યો ગુણ-અવતંસ—જિન૦મુનિ૦(૨)
**કૂર્મ** લંછન પાયે ભલું, લક્ષણ શોભિત અંગ-જિનવર
ઉત્તમ સહસ રાજનસું, ચારિત્ર લે મન રંગ—જિન૦મુનિ૦(૩)
ત્રીશ સહસ સાધુ ભલા, મહાસતી સંખ્યા જાણ-જિનવર
પચાસ સહસ ગુણે-ભરી, તસ ધ્યાન હૃદયમાં આણ—જિન૦મુનિ૦(૪)
શ્યામ વરણ ઉજળું કરે, જિહાં રહે પ્રભુ ગુણ ખાણ-જિનવર
**સમેતશિખર** મુગતે ગયા, **ઋદ્ધિ-કીર્ત્તિ અમૃત** વાણ—જિન૦ મુનિ૦(૫)

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

**મુનિસુવ્રત** જિન પ્રભુજી જાણો રે, સેવક વિનતિ મનમાં આણો રે
આખે અણી પગે જગે રોપી રે, તારી મીઠી વાણીની આણ ન લોપે રે—મુનિ૦(૧)
સમરથ સાહિબ તું જગે પૂરો રે, કિણહી વાતે નહિ અધુરો રે
શે સેવક નવિ પૂરો આશા રે, દીજે હવે મુહ માગ્યા પાસા રે—મુનિ૦(૨)
રીઝવી રાખું દિલ કેરી ભ્રાંતિ રે, કૂર કપૂર ન પૂજે વાતિ રે
હાથ ધરીને જો હરખાવો રે, તો નિરવદ્ય મારગ ઠામ દીખાવો રે—મુનિ૦(૩)
કેવળનાણે કહેતા જાણીરે, ન કર્યો પટંતર દૂધ ને પાણી રે
વડિલ કરી અણબોલે રહેશો રે, જિન શાબાશી તો કિમ લેશો રે ?—મુનિ૦(૪)
સમરતી સુરતી કીધી થાંભી રે, તેમ તુજ સ્મરણ મુજ મન લાભી રે
વંછિત દાન **દયા** કરી આપો રે, તેમ **વિમલ** મને કરી સેવક સ્થાપો રે—મુનિ૦(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

### (કંત તમાકુ પરિહરો-એ દેશી)

શ્રી **મુનિસુવ્રત** સાહિબો, સેવો દિલ એકંત-મોરા લાલ
વીશમો જિન મન વિસમ્યો, એ સમ અવર ન સંત-મોરા૦..શ્રી૦(૧)
**પદમાવતી** ઉદર ઉપન્યો, પુત્રરયણ પરગટ્ટ-મોરા૦
વિદ્યાધર સુરપતિ સવે, માને મહીપતિ ઘટ્ટ-મોરા૦.શ્રી૦(૨)
રાય સુમિત્ર-કુળ સાયરે, ઊગ્યો શારદ-ચંદ-મોરા૦
અતુલીબળ અવની જયો, મહિમા મેરૂગિરીંદ-મોરા૦.શ્રી૦(૩)
મનમાન્યાશું ગોઠડી, જો કરીયે કિરતાર-મોરા૦
પાણી-દુધ પટંતરો, તો લહિયે એકવાર-મોરા૦.શ્રી૦(૪)
કચ્છપ લંછણ જિણવરૂ, શામળીઓ સુકુમાળ-મોરા૦
**મેરૂવિજય** ગુરુ-શિષ્યને, દીજે મંગળમાળ-મોરા૦.શ્રી૦(૫)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

### (રાગ-પંજાબી)

જીવનકા ક્યા બિસાસા જીવન !
યાતન ધન જોબન થિર નાહીવો, ચલદસકાસા પાન-ખરાસા—જી૦(૧)
જ્યોં હોય સંધ્યા પંચ વરનકી, જ્યોં ચપલાકા રહે ઉજાસા—જી૦(૨)
કાહેકું અબ લલચાહે પ્યારે વો, યા દુનિયાંકા દેખ તમાસા—જી૦(૩)
**પદમાનંદન** દિલદારંજનવો, **સુવ્રત**કે સંગ કર વિલાસા—જી૦(૪)
કહે **અમૃત** મેરે જીઉકે જીવનવો, નેક નજર કરો દિલાસા—જી૦(૫)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-પંજાબી)

પ્યારો મનભાવન મેરે દિલ આવો રે-મેરે૦ પ્યારો૦
હૃદયકમલમેં ધ્યાન તો સાઢવો, મેરી અરજ દિલ લયવોરે-પ્યારો૦(૧)
પદમાનંદન દિલદારંજનવો, તારક તુમહી કહાનવોરે-પ્યારો૦(૨)
ભાગજંજાલતેં કઈ કઈક તારેવો, તિન કહા દિઓજુ બતાવો રે-પ્યારો૦(૩)
અશ્વકે કારન નિશી ચલે આયેવો, મેરે વખત ન મનાવો રે-પ્યારો૦(૪)
ચરનશરનકી લાજ નિવહિયેવો, અપનો કરકેહી ઠરાવો રે-પ્યારો૦(૫)
**મુનિસુવ્રત અમૃતકે** સ્વામીવો,જ્યોતિસોં જ્યોતિ મિલાવો રે-પ્યારો૦(૬)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

વીશમો જિનવર સુકૃતકારી, મનમથ-વૈરી માન નિવારી,
મોહના [1]**મુનિસુવ્રતસ્વામી** જીવના ! **મુનિસુવ્રત** સ્વામી મોહના૦....॥૧॥
[2]કજ્જલ વાંને દેહી દીપે, નિરૂપમ રૂપે ત્રિભોવન જીપે-મો૦ જી૦....॥૨॥
[3]કચ્છપ લંછન **પદકજ** ભાસે,વીશ ધનુષ [4]તનુ ધર્મ પ્રકાશે-મો૦ જી૦....॥૩॥
[5]જીવિત વરસ ત્રીશહજાર, [6]ગણધર સોહે જાસ અઢાર-મો૦ જી૦....॥૪॥
વીશ સહસ [7]મુનિવર પ્રભુપાસ, [8]સાહુણી કહી સહસ પંચાસ-મો૦ જી૦....॥૫॥
[9]**રાજગૃહી** નગરીનો રાજા, [10] **સુમિત્ર** નરપતિ કુળ દિવાજા-મો૦ જી૦....॥૬॥
[11]**પદ્માવતી** દેવી તનુજાત, [12]**હરિવંશ**માં જનમ વિખ્યાત-મો૦ જી૦...॥૭॥
[13]**વરૂણ** સુર [14]**નરદત્તા** દેવી, આણ અધિકે શાસન સેવી-મો૦ જી૦...॥૮॥
**પ્રમોદસાગર** પ્રભુ ચરણે લાગે, વીશવશાનું સમકિત માગે-મો૦ જી૦...॥૯॥

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

### (સાહિબા શામળીયારે-એ દેશી)

શ્રી **મુનિસુવ્રત** જિન વીસમારે, મહિમાનિધિ મહારાજ
પ્રગટયા પૂરવ ભવે કર્યા રે, પુણ્ય અમારાં આજ-મોહન ! મનવસીયારે....॥૧॥
તુજ સરીખો સાહિબ મળ્યો રે, હવે કોઈ નાયે દાય, ।
માલતી મોહ્યા [૧]ભૃંગને રે, આકરકુસુમ ન સુહાય-મોહન૦...॥૨॥
રાજહંસ માનસ રમેરે, ન ગમે છીલ્લર નીર ।
ગજ [૨]શર-વન કિમ રતિ લહે રે, જે રહે રેવાતીર-મોહન૦...॥૩॥
દ્રાખ લહી અમૃત સમીરે, લીંબોળી કુણ ખાય ।
તિમ પ્રભુ મળીયા અન્યનીરે, વાંચ્છા કિમહિ ન થાય-મોહન૦.....॥૪॥
મેં તું સ્વામી સેવીયોરે, સેવકજન આધાર ।
**વાઘજી** મુનિના **ભાણનેરે;**આપો શિવસુખ સાર-મોહન૦...॥૫॥

---

૧. ભમરાને ૨. આકડાના ફૂલ

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

### (આસુનું રૂડું અજુઆળિયું રે-એ દેશી)

શ્રી **મુનિસુવ્રત** સ્વામીજી રે,
મહેર કરો મહારાજ કે હું સેવક છું તાહરો ।
અહનિશ પ્રભુજીની ચાકરી રે, કરવી એહજ કાજકે,-હું૦॥૧॥
દુરલભ છે સંસારમાં રે, તુમ સરિખાનો સંગકે-હું ।
વળી તિમ દરિસણ દેખવું રે, તે આળસુ આંગણે ગંગકે-હું૦॥૨॥

સમય છતાં નહીં સેવશેરે, તે મૂરખ શિરદાર કે,-હું૦ ।
સહી મનમેં પસતાયશેરે, સહશે દુઃખ અપાર કે-હું૦॥૩॥
સફળ થયો હવે માહરો રે, મનુષ્ય તણો અવતારકે-હું૦ ।
કલ્પતરૂ સમ તાહરો રે, પામ્યો છું દિદાર કે-હું૦॥૪॥
કરમ ભરમ દૂરે ટળ્યો રે, જબ તું મિળિયો જીનરાજ કે-હું૦ ।
**અખયસૂરીશ** કૃપા થકી રે, **ખુશાલમુનિ** સુખ થાય કે-હું૦ ॥૫॥

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

### (કોઈ લો પરવત ધુંધલો રે-એ દેશી)

ચઉમુખ દેતા દેશના રે લાલ, ભવિક-કમળ ઉદ્યોતરે,-જિણંદરાય ।
ઝળહળતો જબ ઉગીઓ રે લાલ, [૧]અર્ક પ્રભાસમ [૨]કંતરે-જિ૦ ચઉ૦.॥૧॥
લક્ષણ અંગ વિરાજતારે લાલ, [૩]અડહિય સહસ ઉદાર રે-જિ૦ ।
અભ્યંતર ગુણ તાહરારે, [૪]કે'તા કહું અપાર રે-જિ૦ ચઉ૦.॥૨॥
ભગતી ભલી પરે ઉધર્યો રે લાલ, સાહેબ ! સરલ સ્વભાવ રે-જિ૦
વિમળ-કમળ દળ-લોયણો રે લાલ, અતિશયથી હાવભાવ રે-જિ૦ ચ૦॥૩॥
**રાજગૃહી** રળીયામણી રે લાલ, **સુમિત્ર** રાય કુલચંદ રે-જિ૦ ।
**મુનિસુવ્રતજિન** સાહેબા રે લાલ, કચ્છપ લંછન સુખકંદરે-જિ૦ ચ૦ ॥૪॥
વિનય અધિક જગમાં વડો રે લાલ, તો તસ હોવે આધીન રે-જિ૦ ।
ત્રિહું જગ જગમાં વિસ્તરે રે લાલ, જસ **ચતુર** સમીચીનરે-જિ૦ ચ૦.॥૫॥

---

૧. સૂર્યકાંતિ ૨. કાંતિ ૩. ૧૦૦૮ ૪. કેટલા

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

(ઓલગડી ઓલગડી સાહેલી હો શ્રી શ્રેયાંસની રે-એ દેશી)

ઓલગડી (૨) તો કીજે શ્રી **મુનિસુવ્રત**-સ્વામિની રે, જેહથી નિજપદ સિદ્ધ ।
કેવલ-જ્ઞાનાદિક ગુણ ઉલ્લસે રે, લહીયે સહજ સમૃદ્ધિ-ઓ૦ ॥૧॥
ઉપાદાન (૨) નિજ પરિણતિ વસ્તુની રે, પિણ કારણ નિમિત્ત-આધીન ।
પુષ્ટ-અપુષ્ટ દુવિધ તે ઉપદિશ્યો રે, ગ્રાહક વિધિ-આધીન-ઓ૦ ॥૨॥
સાધ્ય (૨) ધર્મ જે માંહિ હુવે રે, તે નિમિત્ત અતિ પુષ્ટ ।
પુષ્પમાંહિ તિલવાસક વાસના રે, નહિ પ્રધ્વંસક દુષ્ટ-ઓ૦ ॥૩॥
દંડ (૨) નિમિત્ત અપુષ્ટ ઘડા તણો રે નવિ ઘટતા તસુ માંહિ ।
સાધક (૨) પ્રધ્વંસકતા અછે રે, તિણેં નહિ નિમિત્ત પ્રવાહ-ઓ૦ ॥૪॥
ખટકારક (૨) તે કારણ-કાર્યનો રે, જે કારણ સ્વાધીન ।
તે કર્તા (૨) સહુ કારક તે વસુ રે, કર્મ તે કારણ પીન-ઓ૦ ॥૫॥
કાર્ય (૨) સંકલ્પે કારણ દશા રે, છતી સત્તા-સદભાવ ।
અથવા તુલ્ય-ધર્મને જોઈયે રે, સાધ્યારોપણ દાવ-ઓ૦ ॥૬॥
અતિશય (૨) કારણ કારક કરણતેં રે, નિમિત્ત અને ઉપાદાન ।
સંપ્રદાન (૨) કારણ પદ ભવનથી રે, કારણ વ્યય અપાદાન-ઓ૦ ॥૭॥
ભવન (૨) વ્યય વિણુ કારય નવિ હુવે રે, જિમ દષદે ન ઘટત્વ ।
શુદ્ધાધાર (૨) સ્વગુણનો દ્રવ્ય છે રે,સત્તાધાર સુ-તત્ત્વ-ઓ૦ ॥૮॥
આતમ (૨) કર્તા કારય સિદ્ધતા રે, તસુ સાધન જિનરાજ ।
પ્રભુ દીઠે (૨) કારજ રૂચિ ઉપજે રે, પ્રગટે આત્મ-સમાજ-ઓ૦ ॥૯॥
વંદન સેવન (૨) નમન વળી પૂજના રે, સમરણ સ્તવન વળી ધ્યાન ।
દેવચંદ્ર (૨) કીજે જિનરાજનો રે, પ્રગટે પૂર્ણ નિધાન-ઓ૦ ॥૧૦॥

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

(જિનજી ! ત્રેવીસમો જિનપાસ; આશ મુજ પૂરવે રે લો)

જિનજી ! **મુનિસુવ્રતશું** માંડી, મેં તો પ્રીતડી રે લો-
-મારા સુ-ગુણ સનેહી લો ।
જિનજી ! તું સુરતરૂની છાંય,ન છાંડું હું ઘડી રે લો-મા૦।।૧।।

જિ૦ ! શ્રી **પદ્મા-સુત** નંદન, શ્રી **સુમિત્ર**નો રે લો-મા૦ ।
જિ૦ ! દીપે વર તનુ શ્યામ,કલાશું વિચિત્રનો રે લો-મા૦।।૨।।

જિ૦ ! [1]આરતડી મુજ અલગી ગઈ, તુજ નામથી રે લો-મા૦ ।
જિ૦ ! વિનતડી સફળી કરી, લીજે, [2]મન-ધામથી રે લો-મા૦।।૩।।

જિ૦ ! ક્ષણ-ક્ષણમેં તુજ આશા, પાસ ન છોડશું રે લો-મા૦ ।
જિ૦ ! [3]વારુ [4]પરિ-પરિ વધતો નેહ, સુરંગો જોડશું રે લો-મા૦।।૪।।

જિ૦ ! વિસાર્યા કિમ વ્હાલા, તું મુજ વિસરે રે લો-મા૦ ।
જિ૦ ! તાહરે સેવક કંઈ,પણ મુજ તું શિરે રે લો-મા૦।।૫।।

જિ૦ ! સિદ્ધિ-વધૂની ચાહ, કરી મેં તો [5]પરે રે લો-મા૦ ।
જિ૦ ! દીજે તેહી જ દેવ, !કૃપા કરી મોં પરે રે લો-મા૦।।૬।।

જિ૦ ! તારે એ કિરતાર, પ્રભુને જે સ્તવે રે લો-મા૦ ।
જિ૦ ! **જીવવિજય** પય-સેવક,**જીવણ** વિનવે રે લો-મા૦।।૭।।

---

૧. અરતિ-દુઃખ ૨. મનના ઉંડાણમાંથી ૩. સારો ૪. ઘણી રીતે ૫. પ્રયત્નથી

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (દુઃખ દોહગ દૂરે ટળ્યારે)

શ્રી **મુનિસુવ્રત**-સાહિબા રે, તુજ વિણ અવર હો! દેવ ।
નજરે દીઠા નવિ ગમે રે, તો કિમ કરિયે સેવ? -જિનેસર ! મુજને તુજ આધાર,
-નામ તુમારૂં સાંભરે રે, સાસમાંહી સો વાર-જિનેસર૦ ॥૧॥
નિરખ્યા સુર નજરે ઘણા રે; તેહશું ન મિલે તાર ।
તારોતાર મિલ્યા પખે રે, કહો કિમ વાધે પ્યાર !-જિનેસર૦॥૨॥
અંતર-મન મિળિયા વિના રે, ન ચઢે પ્રીતિ પ્રમાણ ।
પાયા વિણ કિમ સ્થિર રહે ? રે, મોટા ઘર મંડાણ-જિનેસર૦॥૩॥
જોતાં મૂરતિ જેહની રે, ઉલ્લસે નજર ન આપ ।
તેહવા શું જે પ્રીતડી રે,તે સામો સંતાપ-જિનેસર૦॥૪॥
તેણે હરિ-હર સુર પરિહરી રે, મન ધરી તાહરી સેવ ।
**દાનવિજય** તુમ દરિશને રે,હરખિત છે નિત્યમેવ-જિનેસર૦॥૫॥

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

### (શ્રી ચંદ્રપ્રભ જિન સાહિબારે૦)

**મુનિસુવ્રત**-જિન-રાજીઓ રે, ગાજીઓ મહિમા અગાધ-ભવિજન ભેટો ।
[1]સ-જલ જલદ પરે શામલો રે, જોગીસર-શિરતાજ-ભવિ૦ ।
ભેટો ભેટો હો [2]સુજાણ-જન ભેટો, ભાવો ઉજ્વલ-ધરમનું ધ્યાન-ભવિ૦॥૧॥
લાખ-ચોરાશી-યોનિમાં રે, ભમતાં વાર અનંત-ભવિ૦ ।
ચિંતામણિ-સમ પામીયો રે, નામી સ્વામી સંત-ભવિ૦॥૨॥
મોહ-તણાં બળ ચૂરવારે, સબળો તું [3]બળ-શૂર-ભવિ૦ ।
ચતુરાઇ શું ચિત્ત વસ્યો રે, પલક ન કીજે દૂર-ભવિ૦॥૩॥

આવ્યા જે તુજ-આગળે રે, [4]પાતકીયા પણ લોક-ભવિ૦ ।
તે પણ સહુ સુખીયા કર્યા રે, પાયા જ્ઞાન[5]-આલોક ભવિ૦ ॥૪॥
ભવ-[6]ભ્રમ ટાળો માહરો રે, આણી કરૂણા-[7]નેઠ-ભવિ૦ ।
તુજ મુજ **મેઘ** મયૂરનો રે, સગપણ સમરથ [8]સઠ ભવિ૦ ॥૫॥

૧. પાણીવાળા મેઘની જેમ ૨. સમજુ લોકો ૩. પરાક્રમવાળો ૪. પાપી ૫. પ્રકાશ ૬. ભ્રમણ ૭. સંપૂર્ણ ૮. શ્રેષ્ઠ

## કર્તા : શ્રી કેસરવિમલજી મ.

### (પંથીડા ! સંદેશો પૂજ્યજીને વિનવે રે-એ દેશી)

સાંભળ **સુવ્રત**-સ્વામી ! શામળા રે, શ્રી હરિ-વંશ-વિભૂષણ રયણ રે ।
નયણાંહરખે તુજ મુજ દેખવા રે, તુજ ગુણ ગાવા ઉલસે વયણ રે-સાંભળ૦॥૧॥

તુજ ગુણ નિરમલ ગંગ-તરંગમેં રે, મોહ્યો મુજ મન-બાલ મરાલ રે ।
ત્રિભુવન મોહ્યો તુજ મહિમ કરી રે, સાચો મોહન ! તું હી મયાલ રે-સાંભળ૦ ॥૨॥

મહેર કરી જે સ્વામી મો ભણી રે, દીજે સમકિત-રયણ સુ-હેજ રે ।
જો દીયે સાહિબ ! મુજ [1]સુ-હેજથી રે, તો નિત્ય દીયે સેવક-તેજ રે-સાંભળ૦ ॥૩॥

ભક્ત-વત્સલ જગ-બાંધવ તુંહી, તું જગ-જીવન તું ગુણ-ગેહરે ।
જો હેત વહેશ્યો અમશું આપણો રે, તો નિરવહેશ્યો ધર્મ-નેહરે-સાંભળ૦ ॥૪॥

**શ્રી મુનિસુવ્રત**-જિનશું નેહલો રે, તે તો શશી જિમ [2]સિંધુ-ઉલ્લાસ રે ।
**કેશર** જંપે સ્વામી માહરા રે, દરશન દેઈ પૂરો આશ રે-સાંભળ૦॥૫॥

૧. સારા ઉમંગથી ૨. સમુદ્રની ભરતી

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

### (આજ હજારી ઢોલો પાહુણો-એ દેશી)

**મુનિસુવ્રત**-જિન ભેટતાં, ઉપજ્યો હરખ અપાર સહિયર મોરી હે ।
હેજઇ હિયડું ઉલસ્યું, મિલિઓ પ્રાણાધાર-સહિયર મોરી હે-
આજ અધિક આનંદ હુઓ...॥૧॥
ઘર-અંગણિ સુરતરૂ ફલ્યો, જનમ સફલ થયો આજ-સહિ૦
મનહ મનોરથ સવિ ફલ્યા, પામ્યું ત્રિભુવન-રાજ-સહિ૦ આજ૦ ॥૨॥
રતન ચિંતામણિ કર ચઢયું, વૂઠો અમૃત-મેહ-સહિ૦ ।
અષ્ટ-સિદ્ધિ નવ-નિધિ સંપજી, જે નિરખ્યો ગુણ-નિધિ એહ-સંહિ૦ આજ૦॥૩॥
અંતરાય અલગ ટલ્યા, પ્રગટ્યો પુણ્ય-અંકૂર-સહિ૦ ।
ભવ-ભાવઠિ સવિ ઉપશમી, વાધ્યું અધિકું નૂર-સહિ૦ આજ૦॥૪॥
એ સાહિબની સેવના, નવિ મુકું નિરધાર-સહિ૦ ।
જેહથી શિવ-સુખ પામીઇ, **કનકવિજય** જયકાર-સહિ૦ આજ૦॥૫॥

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

**મુનિસુવ્રત** [૧]સુવ્રત જિમ મન વસ્યો, જિમ [૨]મોરાં મન મેહ-સુહંકર।
સુગુણા સરસી સરસી પ્રીતડી, કિમ હી ન આપે રે છેહ-સુહંકર-મુનિ૦ ॥૧॥
જે સાચા વાચા નાતે સહી, સેવક માથેં રે નેહ ।
[૩]નિવાહૈ રંગ [૪]પતંગ-સુરંગી રીતડી, તે સાહિબને રે કહો ચાહૈ-મુનિ૦ ॥૨॥
જે ચાહે ચરણાંરી ચાકરી, અંતર તેહ શું રે કહો કિમ કીજીયે ? ।
નયણ-સલૂણે વયણ-રસેં કરી, તેહ શું નિચ્ચલ રંગ રમીજૈ-મુનિ૦ ॥૩॥

ुंદર સૂરતિ સહેજે સોહતી, મોહનગારી રે મુઝ મન માની ।
મોર ન[5]જાચું કાચું મન કરી, નિરખ્યો નયણેં ઓર ન દાની-મુનિ૦॥૪॥
ફાગુણ વદી બારસ દિન કેવલી થઈ, પ્રતિબોધ્યાં રે સુર-નરનારી ।
રુચિરવિમલપ્રભુ સુર-તરૂ સારિખો, પ્રભુજી પ્રણમ્યાં રે સંપત્તિ સારી-મુનિ૦ ॥૫॥

૧. સારા વ્રતવાળા ૨. મોરના ૩. નભાવે ૪. કાચો ૫. ઇચ્છું

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

(રાગ સિંધુડો)

**મુનિસુવ્રત** આગેં રે, સેવક સુખ માંગે રે ।
લય લાગી પ્રભુ ! તારો, ભવ-સાયર થકી રે...॥૧॥
સાહિબ બલવંતા રે, પ્રભુ-નામ જપંતા રે ।
તુમ ચરણ નમતાં, ઉભા ઓલગે[1] રે...॥૨॥
[2]પૂરા પ્રભુ જાણી રે, મુઝ પ્રીત બંધાણી રે,
પ્રભુ આણી ચિત્ત, સેવક રાજ નિવાજીએ રે૦...॥૩॥
વાતા [3]વિમલાવેરે, કિણે કામ ન આવે રે ।
સુહાવે તે સાહિબ, કહો કિમ કેહને રે ?...॥૪॥
દુઃખ દેખીનેં નાસેં રે, સુખ આવ્યા [4]વાંસે રે ।
તે દાસની આશ, કહો કિમ પૂરસ્યો રે...॥૫॥
દો દરશણ દેવા રે ! આપો શિવ-મેવા રે ।
કહે **રૂચિર** પ્રભુ-સેવા, લેવા લળી લળી રે...॥૬॥

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

### (એડીની ગેડી કરૂં એ દેશી)

**મુનિસુવ્રત** જિન શામલો,
ચેતન સહજ-વિલાસ-મોરા લાલ ।
ઉજવલ ધ્યાને ધ્યાઈઇ,
અનુભવ-રસમેં ઉલ્લાસ-મોરા૦ મુનિ૦...॥૧॥

પુદ્‌ગલથી ન્યારો રહ્યો, ખેલઈ આતમરામ-મોરા૦ ।
નિરમલ ગુણ - પરજાયની,
જાગતી જયોતિ ઉદ્‌દામ-મોરા૦ મુનિ૦...॥૨॥

જ્ઞાન અનંતું જેહનઈ, દરસણ દીપઈ અનંત,-મોરા૦ ।
સુખ અનંતુ કુણ [1]મવઈ,
અનંત વીરજ ઉલ્લસંત-મોરા૦ મુનિ૦...॥૩॥

બૂઝાણા દીવા સમો, ગુણનો નાશ અશેષ-મોરા૦ ।
મુગતિ લક્ષણ કહે મૂઢ એ,
પામઈ જગમેં ક્લેશ-મોરા૦ મુનિ૦...॥૪॥

છઇ અ-વિનાશી આતમા, સત્તા-શુદ્ધ-સ્વરૂપ-મોરા૦ ।
**શ્રીભાવપ્રભ** તેહનઇ ભજો,
જે ચિદાનંદ અનૂપ-મોરા૦ મુનિ૦...॥૫॥

---
૧. માપે

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

### (હો નણદલ-એ દેશી)

**મુનિસુવ્રત** જિન વીસમા, એ તો વીસે વસા છઇં શુદ્ધ-જિનવર।
એ પ્રભુને જે ચિત્ત ધરઇં, તે થાઇં ત્રિભુવન બુધ-જિનવર-મુનિ૦॥૧॥
**સુમિત્ર** નૃપ કુલ શોભતો, પદ્મા રાણી ઉર-હંસ-જિનવર।
**રાજગૃહી** નગરીનો રાજીઓ, ગુણ ગાજીઓ ગુણી-અવતંસ-જિનવર-મુનિ૦॥૨॥
**કૂર્મ** લંછન પાયે ભલું, લક્ષણ શોભિત અંગ-જિનવર।
ઉત્તમ સહસ રાજનસ્યું, ચારિત્ર લીઇં મન રંગ-જિનવર-મુનિ૦॥૩॥
તીસ સહસ સાધૂ ભલા, મહાસતી સંખ્યા જાણ-જિનવર।
પચાસ સહસ ગુણે ભરી, તસ ધ્યાન હૃદયમાં આણ-જિનવર-મુનિ૦॥૪॥
શ્યામ વરણ ઉજલ કરઇં, જિહા રહઇં પ્રભુ ગુણ-ખાણી-જિનવર।
**સમેતશિખર** મુગતિં ગયા, **ઋદ્ધિ-કીરતિ** અમૃત વાણી-જિનવર-મુનિ૦॥૫॥

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

### (વીર-જિણંદ જગત ઉપગારી-એ દેશી)

**મુનિસુવ્રત**-જિન અધિક દિવાજે, મહિમા મહિયલ છાજેજી।
ત્રિ-જગ-વંદિત ત્રિભુવન-સ્વામી, ગિરૂઓ ગુણ-નિધિ ગાજેજી-મુનિ૦॥૧॥
જન્મ વખત વર-અતિશય-ધારી, કલ્પાતીત-આચારીજી।
ચરણ-કરણભૂત મહાવ્રત-ધારી, તુમચી જાઉં બલિહારીજી-મુનિ૦॥૨॥
જગ-જન-રંજન ભવ-દુઃખ-ભંજન, નિરૂપાધિક-ગુણભોગીજી।
અ-લખ નિરંજન દેવ દયાળુ, આતમ-અનુભવ-જોગીજી-મુનિ૦॥૩॥

જ્ઞાનાવરણીય-ક્ષયથી પ્રગટયું, અનુપમ કેવળ-નાણજી ।
લોકાલોક-પ્રકાશક ભાસક, ઉદયો અભિનવ-ભાણજી-મુનિ૦॥૪॥
વરસી વસુધા પાવન કીધી, દેશના સુધા-રસ સારજી ।
ભવિક-કમલ પ્રતિબોધ કરીને, કીધા બહુ ઉપકારજી-મુનિ૦॥૫॥
સંપૂરણ તેં સિદ્ધતા સાધી, વિરમી સકલ-ઉપાધિજી ।
નિરૂપાધિક-નિજ-ગુણને વરીયા, અ-ક્ષય-અ-વ્યાબાધજી-મુનિ૦॥૬॥
**હરિ**-વંશે વિભૂષણ દીપે, **રિષ્ટ**-રતન તનુ-કાંતિજી ।
સુખ-સાગર પ્રભુ નિરમળ-જ્યોતિ, જોતાં હોય ભવ-શાંતિજી-મુનિ૦॥૭॥
**સમેતશિખર**-ગિરિ સિદ્ધિ વરીયા, સહસ-પુરૂષને સાથજી ।
જિન-ઉત્તમ-પદને અવલંબી, **રતન** થાયે સ-નાથજી-મુનિ૦॥૮॥

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

### (ઢાલ દેરાણી-જેઠાણી વાદ વાદી આપણ કુણજર વીશા વાજે રે કવણ જીરીયા-એ દેશી)

**મુનિસુવ્રત**-જિન નામ જપતાં, જનમ તણા ફલ લીજે રે ।
પ્રાણીડા ! પર-ઉપગારી પર-હિત-કારી રે, પરમ-પુરૂષ પ્રણમીજે રે-પ્રાણીડા૦॥૧॥
પરમ-પવિત્ર સુ-ચરિત્રઇં, જેહને ત્રિભુવન પાવન કીજે રે-પ્રાણીડા ! ।
રાય **સુમિત્ર** સુ-પુત્ર નમતાં, જગ જશ-વાદ લહીજઈ રે-પ્રાણીડા૦॥૨॥
[1]કામિત-પૂરણ કામગવી સમ, સુર-સમુદાય સુણીજઈ રે-પ્રાણીડા૦ ! ।
વીશ ધનુષ-માનઇં તનુ-[2]વાનઈ, મરકત-મણિ હારીજઈ રે-પ્રાણીડા૦॥૩॥
ત્રીશ સહસ સંવચ્છર સુંદર, જીવિત જાસ સુણીજઈ રે-પ્રાણીડા ! ।
કચ્છપ-લંછન જેને જે [3]નિર્લંછન, નિરમલ ધ્યાન ધરીજઈ રે-પ્રાણીડા૦ !॥૪॥

અ-જરામર અ-ક્ષય અ-વિનાશી, અ-કલ-સરૂપ લખીજઈ રે-પ્રાણીડા ! ।
**માણિક મુનિ** કહઈ પ્રભુ ગુણ માલા, હૃદય-કમલ રાખીજઈ રે-પ્રાણીડા૦ ! ।।૫।।

૧. ઇચ્છા ૨. રંગથી ૩. દૂષણ વિનાના

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

### (માથે મટુકીને મહીયની ગોરી તો-એ દેશી)

શ્રી **મુનિસુવ્રત** જિનવર સોહતો, જ્ઞાન અનંત દિવાકરુ-
-અંતરજામી ચતુર રે, લેંહરી રે મોહના ।
માયને સુવ્રત પાલવા થયો મન, નામ ઠવ્યું તિમ સુંદરૂ-અંતર૦...।।૧।।
સિંહગિરિ અપરાજિત વિમાનમાં, સુર-પદવી તે ભોગવી-અંતર૦ ।
ચવી થયો **રાજગૃહી**નો નરેશર, સકલ ધરાનેં સોહવી-અંતર૦..।।૨।।
શ્રવણ નક્ષત્રેં જનમીયા જિનજી, તિન લોક જયકારી રે-અંતર૦ ।
મકર રાશિ કપિ જોનિ વિરાજતા, સુંદર-ગુણ-ગણ-ધારી રે-અંતર૦..।।૩।।
કર્મ નિજરવા, ધર્યું ચિત્તશું, મૌન તે માસ ઇગ્યાર રે-અંતર૦ ।
ચંપક હેઠલ કેવલ મહોચ્છવ, અમર કરે ધોંકાર રે-અંતર૦..।।૪।।
[1]ધ્રુવ-પદ એક હજારશ્યું વરીયા, તોડી અનાદિ જંજાલ રે-અંતર૦ ।
સિદ્ધ મંડલમાંહિ અ-વિચલ **દીપે**, રંગ અ-ભંગ રસાલ રે-અંતર૦..।।૫।।

૧. મોક્ષપદ

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

(ઢાલ-ભમારુલીની)

**મુનિ-સુવ્યય** જિન વીસમઉ-તઉ ભમારુલી,
અપરાજિતથી ચવી (૧)।
રાજગૃહી (૨) સુમિત્ર ઘરિ (૩)-તઉ ભમારુલી,
પદમાવતી કૂખી આવિ, (૪)॥૬૪॥
સવણ રિકખ (૫) અકકાઇછવઉ (?) (૬) તઉ ભમારુલી,
મકર રાશિ (૭) ધણુ વીસ (૮)
સામ અંગ (૯) અઢારહ ગણહરુ (૧૦)-તઉ ભમારુલી,
વરરૂવ સહસ આઉતીસ (૧૧) ॥૬૫॥
મલ્લી સુવ્યય અંતરઉ-તઉ ભમારુલી,
ચઉપન વરસહ લખ્ખ (૧૨)
રાજગૃહી (૧૩) વય-નાણ વલી (૧૪)-તઉ ભમારુલી,
છઠ તપિ (૧૫) ચંપગ રુકખ (૧૬) ॥૬૬॥
બંભદત્ત-ઘરિ પારણઉ (૧૭)-તઉ ભમારુલી,
સાહુણી સહસ પંચાસ (૧૮)
તીસ સહસ વર સાધુજી (૧૯)-તઉ ભમારુલી,
જખ્ખ વરૂણ નિત પાસિ (૨૦) ॥૬૭॥
તિગ લખ સહસ પંચાશ સાવિઆ (૨૧)-તઉ ભમારુલી,
બહતરિ સહસ ઇગ લાખ
સાવય (૨૩) દેવી અચ્છુત્તા (૨૩)-તઉ ભમારુલી,
સંમેતઇં શિવ દાખ (૨૪) ॥૬૮॥

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

**(હાં રે તાહરે બંગલેરી ખડકી ખોલ હો નણદીરા વીરા-**
**બાહિર ભીંજે મારુ ડીલ એકલી અહો યાં રે બંગલે-એ દેશી)**

હાં રે ! થારો સમવસરણ દેખાડ હો, મુગતિરા હીરા ।
[1]આગલિ ઉભો સેવક સામું હો રે !
થાહરે મુજરે હાંરે-થારો સમવસરણ દેખાડ હો-મુગતિ૦ ।
હાં રે સુર સંવર્તક-પવનેં કરી રે લો,
રજ હરી કરે શુભ જલ સિત્ર હો-મુગતિ૦ ।
[2]કુસુમોત્કર જલ-થલ જાતિનાં રે લો,
પંચવરણા [3]જાનુ-પ્રમિત્ત હો-મુગતિ૦...॥૧॥
આગળ ઉભો હાં રે થારો સમવસરણ૦ ॥
હાં રે ! જિહાં વૃક્ષ અશોક-વિરાજતો રે લો,
તિહાં દિવ્ય-ધ્વનિ સુરવાદ હો-મુગતિ૦ ।
હાં રે સિંહાસન બેઠા પ્રભુ તુમે રે લો,
તવ વાજત **દુંદુભિ** નાદ હો-મુગતિ૦...॥૨॥
હાં રેં ચિંહુ દિશી સિત-ચામર વીંઝતા રે લો,
સુર સફલ કરે નિજ શક્તિ હો-મુગતિ૦
ભામંડલ [4]સિત-દ્યુતિ શોભતો રે લો,
ત્રિણ છત્ર ધરી કરે ભક્તિ હો-મુગતિ૦...॥૩॥
હાં રે ! પ્રાતિહાર્ય અતિશયેં પરિવર્યા રે લો,
**શ્રીમુનિસુવ્રત**-જિનરાય હો-મુગતિ૦ ।
જિતશત્રુ અશ્વ ઉદ્ધરવા રે લો,

આવ્યા [5]ભરુઅચ્છ સુર સમુદાય હો-મુગતિ૦...॥૪॥
હાં રે ! રાય જગન કરંતો રે વારીઓ રે લો,
તારીઓ હય ધરી હેત હો-મુગતિ૦ ।
વાધીઓ જશ ત્રિહું લોકમાં રે લો,
તીરણ ઈણ સંકેત હો-મુગતિ૦...॥૫॥
હાં રે ! તમેં એહવા ઉપગારી પ્રભુ રે લો !
દીઓ અ-વિચલ રાય પસાય હો-મુગતિ૦ ।
તુમ તુઠેં સવિ સુખ પામીઇં રે લો,
**સ્વરૂપ-ચંદ્રોદય** થાય હો-મુગતિ૦ ॥
આગલિ૦ ॥ હાંરે થાહરો સમવ૦...॥૬॥

---

૧. સન્મુખ ૨. ફળનો ઢગલો ૩. ઢીંચણ સુધીના ૪. સફેદ નિર્મળ ૫. ભરૂચ

## કર્તા : શ્રી જશવિજયજી મ.

### (આતમ ભક્તિ મિલ્યા કેઈ દેવા-એ દેશી)

**શ્રી મુનિસુવ્રત-સ્વામી** હો ! જિનજી, સુણ સેવકની વિનતી,
આ ભવ-સાગરથી તાર હો ! જિ૦, કરૂં તુજને બહુ [1]મીનતિ ।
તુજ સમ અવર ન કોય હો ! જિ૦, જે આગળ જઇ જાચીએ ।
જે નવિ પામ્યા પાર હો ! જિ૦, તે દીઠે કિમ રાચીયે ?-શ્રી૦॥૧॥
જે હોવે ધનવંત હો ! જિ૦ તે અવરાને ઉદ્ધરે,
આપ હોવે નિરધન હો ! જિ૦ કિમ બીજાને સુખ કરે ! ।
પામી સુરતરૂ સાર હો ! જિ૦ કુણ જઇ બાવલ બાથ ભરે ?
રતન ચિંતામણિ છાંડ હો ! જિ૦ કહો કુણ કાચ કરે ધરે ! શ્રી૦॥૨॥

[2]શાલ-દાલ વહી [3]સાર હો ! [4]કુકસ-ભોજન કુણ જમે ?,
ગંગા-જલ ઉવેખ હો ! જિ૦ છિલ્લર-જલ કો કિમ ગમે ?,
પરિહરી [5]પાધરો પંથ હો ! જિ૦ [6]ઉવટ-[7]વાટે કુણ ભમે ?,
તિમ મુજ આદરી સેવ હો ! જિ૦ અવર દેવ જઇ કુણ નમે ? શ્રી૦...॥૩॥
હવે મુજ વાંછિત આપ ! હો ! જિ૦, આશા ધરી હું આવીયો,
તાહરે તો બહુ દાસ હો ! જિ૦, મુજ ચિત્ત તુંહી જ ભાવીયો ।
આપશો ! આખર દેવ હો ? જિ૦ તો શી ઢાલ કરો ? તમે,
માગવા મોટી મોજ હો ! જિ૦,
કિમ અવસર લહેશું ? અમે-શ્રી૦...॥૪॥
માટે થઈ મહેરબાન હો ! જિ૦ વેગે મુઝને તારીયે,
કુમતિ પડી છે કેડ હો ! જિ૦ તેહને સાહિબ વારીયે ।
વિષ-ધર ચાર કષાય હો ! જિ૦ તેહનો ભય નિવારીયે,
શ્રી **ખિમાવિજય-પય-સેવ** હો ! જિ૦
લહી **જશ** કહે કિમ હારીયે ? શ્રી૦...॥૫॥

---

૧. આજીજી-પ્રાર્થના ૨. ઉત્તમ ચોખા ૩. શ્રેષ્ઠ ૪. હલકું ૫. સીધો ૬. ઉજ્જડ ૭. રસ્તે

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરીજી મ.

**મુનિસુવ્રત**-જિનવર વીશમા, ભરૂચ બંદર ગુણ-મણિ-મંદિર ।
ભવિ-જન ચિત્તે વિસમ્યા, **મુનિસુવ્રત** જિનવર વીશમા...।।૧।।

જિનમુદ્રા જિનવરને સરિખી, અવર નહિ કોઇ ઉપમા ।
શામલ-વરણ શરણ ત્રિહું જગને, એહ સુભગતા મનોરમા-મુનિ૦..।।૨।।

કુમતિ-કુસંગિત કુ-ગ્રહ-બુદ્ધિ, જેણે તુમ્હ પદ નવિ નમ્યાં,
કાલ અનાદિ-અનંત લગે તે, નરક-નિગોદમાંહિ ભમ્યા-મુનિ૦।।૩।।

તે ધન્ય તે કૃત્યપુણ્ય ભવિક-જન, જસ ચિત્તે પ્રભુ-ગુણ રમ્યા,
**જ્ઞાન વિમલ** ગુણ નવનિધિ-સંપદા, જેણે દુશ્મન સવિ દમ્યા-મુનિ૦।।૪।।

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

(રાગ-યમન-કલ્યાણ)

સુણ મોરે સ્વામી અંતરજામી, જનમ જનમ તુમ દાસ કહાઉં-સુણ૦।।૧।।
અન્ય દેવકી શરન ન કરી હો,
તુમ ચરનકી સેવા ચિત ધરી હો- શ્રી **મુનિસુવ્રત** તુમ ગુન ગાઉં-સુણ૦।।૨।।
**ગુણવિલાસ** નિહચે કરી માનો,
સાચો સેવક અપનો જાનો,જો કહુ સો વંછિત ફલ પાઉં-સુણ૦।।૩।।

## કર્તા : શ્રી જગજીવનજી મ.

### (ઢાલ-રામચંદ્ર કે બાગ)

**મુનિસુવ્રત** જિનરાજશું મુઝ પ્રીતિ ભલેરી રે લો મુજ૦ !
મધુકર ચાહે કેતકી ચિતચંદ ચકોરી રે લો-ચિત્ત૦ાા૧ાા
કમલ હસે રવિ પેખીનેં, મેઘ ચાહેં મયૂરી રે લો-મેઘ૦ !
વીંઝગ યહાં વલ્લહો, સુર ચાહે જયોરી રે લો-સુર૦ાા૨ાા
સૌમ્ય સુરતિ જિન તાહરી, દેખી પ્રીતિ ઘનેરી રે લો-દેખી૦ !
શાંતિ સુધારસ સાધતી નહી, તુમ્હિ અનેરી રે લો-નહીં૦ાા૩ાા
અન્વય-પદની પૂરણી, સુખ સારણિ સહેજેં રે લો-સુખ૦ !
ભગતિ તારક ભય-ભંજણી, મોહ-ગંજણી હેજેં રે લો-મોહ૦ાા૪ાા
એહવી ભગતિ હીયડેં વસી, જિનરાજ તિહારીરે-જિન૦ !
રત્નત્રયી ગુણ રાશિની, ફલી આશ અમારી રે લો-ફરી૦ાા૫ાા
દીવબિંદર સંઘ શોભતો, ધરમી દઢ ભાવેં રે, લો-ધરમી૦ !
અઢાર ચોવીસેં માસ ચૈતરેં, ગણી **જગજીવન** ગાવેં રે લો-ગણી૦ાા૬ાા

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

### (રાગ-તોડી)

આજ સફલ દિન ભયો સખીરી ।
**મુનિસુવ્રત**-જિનવરકી મૂરતિ, મોહનગારી જો નિરખીરી-આજ૦ાા૧ાા
આજ મેરે ઘર સુરતરૂ ઉગ્યો, નિધિ પ્રકટ ભઇ આજ સખીરી ।
આજ મનોરથ સકલ ફલે મેરે, પ્રભુ દેખત દિલ હરખીરી-આજ૦ાા૨ાા
પાપ ગયે સબહી ભવ-ભવ કે, દુરગતિ દુરમતિ દૂર નખીરી ।
કહે જિનહર્ષ મુગતિ કે દાતા, [1]શિર પગરી તાકી આણ રખીરી-આજ૦ાા૩ાા

૧. માથા પર પાઘડીની જેમ તેમની આજ્ઞા રાખી (ત્રીજી ગાથાની ચોથી લીટીનો અર્થ)

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

**શ્રી મુનિસુવ્રત** હરિકુલ ચંદા, દુરનય પંથ નસાયો ।
સ્યાદ્વાદ રસ ગર્ભિત બાની, તત્ત્વ સ્વરૂપ જનાયો-
સુણ જ્ઞાની ! જિન બાની ! રસ પીજો અતિ સન્માની....॥૧॥

બંધ-મોક્ષ એકાંતે માની, મોક્ષ-જગત ઉછેદે ।
ઉભય-નયાત્મક ભેદ ગ્રહીને, તત્ત્વ પદારથ વેદે-સુણ૦...॥૨॥

નિત્ય અનિત્ય એકાંત કહીને, અરથ ક્રિયા સબ નાસે ।
ઉભય સ્વભાવે વસ્તુ બિરાજે, સ્યાદ્વાદ ઈમ ભાસે-સુણ૦॥૩॥

કરતા ભોગતા બાહિર દષ્ટે, એકાંતે નહી થાવે ।
નિશ્ચય શુદ્ધ નયાતમ રૂપે, કુણ કરતા ભુગતાવે ?-સુણ૦॥૪॥

રૂપ વિના ભયો રૂપસ્વરૂપી, એક નયાતમ સંગી ।
તન વ્યાપી વિભુ એક-અનેકા, આનંદઘન દુઃખરંગી-સુણ૦॥૫॥

શુદ્ધ અશુદ્ધ નાશી અવિનાશી, નિરંજન નિરાકારો ।
સ્યાદ્વાદ મત સઘરો નીકો, દુરનય પંથ નિવારો-સુણ૦॥૬॥

સપ્તભંગી મતદાયક જિનજી, એક અનુગ્રહ કીજો ।
આતમરૂપ જિસો તુમ લીધો, સો **સુજશ**કું દીજો-સુણ૦॥૭॥

## કર્તા : શ્રી જશવિજયજી મ.

**મુનિસુવ્રત** જિન વંદતાં, અતિ ઉલસિત તન મન થાય રે ।
વદન અનુપમ નિરખતાં, મારા ભવભવના દુઃખ જાય રે-
મારા ભવભવના દુઃખ જાય, જગતગુરુ ! જાગતો સુખકંદ રે ।
સુખકંદ અમંદ આનંદ, પરમગુરુ ! દીપતો સુખકંદ રે.....॥૧॥
નિશદિન સૂતાં જાગતાં, હિયડાથી ન રહે દૂર રે ।
જબ ઉપગાર સંભારીયે, તબ ઉપજે આનંદ-પૂર રે-તબ૦ જગત૦॥૨॥
પ્રભુ-ઉપગાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાય રે ।
ગુણ-ગણ અનુબંધી હુઆ, તે તો અક્ષય-ભાવ-કહાય રે-તે તો૦ જગત૦ ॥૩॥
અ-ક્ષય પદ દીએ પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ-રૂપ રે ।
અ-ક્ષય સ્વર-ગોચર નહિ, એ તો અ-કલ અ-માય અ-રૂપરે-એ૦ જગત૦ ॥૪॥
અ-ક્ષર થોડા ગુણ ઘણા સમજતા તે ન લિખાય રે ।
વાચક જશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે-પણ૦ જગત૦॥૫॥

## કર્તા : શ્રી માનવિજયજી મ.

**મુનિસુવ્રત** કીજે મયા રે, મનમાં આણી [1]મહેર ।
મહેર-વિહૂણા માનવી રે, કઠીન જણાય [2]કહેર-
-જિનેસર ! તું જગ નાયક દેવ,
તુજ જગ-હિત કરવા ટેવ,-જિનેસર !,
બીજા જુએ કરતા સેવ-જિનેસર ! તું૦....॥૧॥
[3]અરહટ્ટ [4]ક્ષેત્રની ભૂમિકા રે, સિંચે કૃતારથ હોય ।
[5]ધારાધર સઘળી ધરા રે, ઉદ્ધરવા સજ્જ જોય-જિને૦ તું૦....॥૨॥

તે માટે અશ્વ ઉપરે રે, આણી મનમાં મહેર ।
આપ આવ્યા [6]આફણી રે, બોધવા **ભરૂચ્ચ્છ** શહેર-જિને૦ તું૦....।।૩।।
[7]અણ-પ્રારથતા ઉદ્ધર્યા રે, આપે કરી ય ઉપાય ।
[8]પ્રારથતા રહે [9]વિલવતા રે, એ કુણ કહીયે ન્યાય ?-જિને૦ તું૦....।।૪।।
સંબંધ પણ તુજ-મુજ વિચે રે સ્વામી-સેવક ભાવ ।
**માન** કહે હવે મહેરનો રે, ન રહ્યો [10]અજર પ્રસ્તાવ-જિને૦ તું૦....।।૫।।

૧. દયા ૨. કઠોર ૩. રેંટ ૪. ખેતર ૫. મેઘ ૬. પોતાની મેળે ૭. માંગણી કરનારને ૮. માગણી કરનારા ૯. રોતા=રડતા ૧૦. યોગ્ય


# શ્રી મુનિસુવ્રત સ્વામીની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય

**સુવ્રત સ્વામી**, આતમરામી, પૂજો ભવિ મન રૂલી;
જિન ગુણ થુણિયે, પાતિક હણિયે, ભાવ સ્તવ સાંકલી;
વચને રહિયે, જૂઠ ન કહિયે ટલે ફલ વંચકો;
**વીરજિણુપાસી** નરદત્તા, વરૂણ જિનાર્ચકો....।।૧।।

## શ્રીપદ્મવિજયજી કૃત થોય

**મુનિસુવ્રત** નામે, જે ભવી ચિત્ત કામે;
સવિ સંપત્તિ પામે, સ્વર્ગના સુખ જામે;
દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે;
સવિ કર્મ વિરામે, જઇ વસે સિદ્ધ ધામે....।।૧।।



# અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

**ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય**
**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

# શ્રી મુનિસુવ્રત સ્વામીની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : સુમીત્રરાજા | માતાનું નામ | : પદ્માવતી |
| જન્મ સ્થળ | : રાજગૃહીનગરી | જન્મ નક્ષત્ર | : શ્રવણ |
| જન્મ રાશી | : મકર | આયુનું પ્રમાણ | : ૩૦૦૦૦ વર્ષ |
| શરીરનું માપ | : ૨૦ ધનુષ | શરીરનું વર્ણ | : શ્યામવર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦૦ |
| છદમસ્થ કાળ | : ૧૧ માસ | દીક્ષા વૃક્ષ | : ચંપકવૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૧૮ | જ્ઞાન નગરી | : રાજગૃહીનગરી |
| સાધુઓની સંખ્યા | : ૩૦[illegible] | સાધ્વીઓની સંખ્યા | : ૫૦૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | : [illegible] | [illegible] | ૩૫૦૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : [illegible] | [illegible] | અચ્છુપ્તા દેવી |
| પ્રથમ ગણધરનું નામ | [illegible] | [illegible] | પુષ્પમતી |
| મોક્ષ આસન | : [illegible] | [illegible] | : ત્રણ ભવ |
| ચ્યવન કલ્યાણક | : શ્રાવણસુદ ૧૫ | [illegible] | : વૈશાખ વદિ ૮ |
| દીક્ષા કલ્યાણક | : ફાગણ સુદિ ૧૨ | કેવલજ્ઞાન કલ્યાણક | : મહા વદિ ૧૨ |
| મોક્ષ કલ્યાણક | : વૈશાખ વદિ ૯ | મોક્ષ સ્થાન | : સમેતશીખર |


: મકર આયુનુ પ્રમાણ
: ૨૦ ધનુષ શરીરનું વર્ણ
: વિવાહીત કેટલા સાથે દીક્ષા
: ૧૧ માસ દીક્ષા વૃક્ષ
: ૧૮ જ્ઞાન નગરી


મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩